યોગ, સ્વાસ્થ્ય અને નૈતિક જીવન મૂલ્યોનું માસિક

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૧૪ અંક - ૩ માર્ચ-૨૦૧૭

Postal Registration No. GAMC 1417/2015-2017 Valid up to 31-12-2017 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahmedabad-2. Annual Subscription Rs.150/-



## હે માનવ !

હે દુન્યવીવૃત્તિના લોકો ! અજ્ઞાનરૂપી અંધકારની ઊંઘમાંથી જાગો ! હવે તો આંખ ખોલો. ઊભા થાઓ. આત્મજ્ઞાન મેળવો. બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે જાઓ. કૈવલ્ય પામો. સત્‌ચિદાનંદ અવસ્થામાં ભળી જાઓ.

- સ્વામી શિવાનંદ



મહાનિશા ધ્યાન-શિવરાત્રી ૨૦૧૭

**શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત**

# દિવ્ય જીવન

વર્ષ : ૧૪ અંક : ૩ માર્ચ-૨૦૧૭

**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**અધ્યક્ષ : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી (તંત્રી)**
**ડૉ. મફતભાઈ જે. પટણી**
**શ્રીમતી રૂપા મજમુદાર**

❍

**તંત્રી : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**લેખ મોકલવાનું સરનામું :**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

❍

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
**શ્રી યશેશભાઈ દેસાઈ**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

❍

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

**લવાજમ**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા

**ૐ**

**ૐ उशन् ह वै वाजश्रवसः सर्ववेदसं ददौ ।**
**तस्य ह नचिकेता नाम पुत्र आस ॥**

**कठोपनिषद् - १ (१)**

ગ્રંથના આરંભમાં પરમાત્માનું સ્મરણ મંગલકારક છે એટલે અહીં સર્વપ્રથમ 'ૐકાર'નું ઉચ્ચારણ કરીને ઉપનિષદનો આરંભ થયો છે. જે સમયે ભારતવર્ષનું પવિત્ર આકાશ યજ્ઞધૂમ્ર અને તેની પવિત્ર સુગંધથી પરિપૂર્ણ રહેતું હતું, ત્યાગમૂર્તિ ઋષિ-મહર્ષિઓ દ્વારા ગાયેલા વેદમંત્રોના દિવ્ય ધ્વનિથી બધી દિશાઓ ગુંજતી રહેતી હતી, એ સમયનો આ પ્રસિદ્ધ ઈતિહાસ છે. ગૌતમવંશીય વાજશ્રવાત્મજ મહર્ષિ અરુણના પુત્ર અથવા અન્નના પ્રચુર દાનથી મહાન કીર્તિ પ્રાપ્ત કરેલ (વાજ=અન્ન, શ્રવ = એના દાનથી પ્રાપ્ત યશ) મહર્ષિ અરુણના પુત્ર ઉદ્દાલક ઋષિએ ફળની કામનાથી વિશ્વજિત નામનો એક મહાન યજ્ઞ કર્યો. આ યજ્ઞમાં સર્વસ્વ દાન કરવું પડે છે. માટે ઉદ્દાલકે પણ પોતાનું બધું ધન ઋત્વિજો અને સદસ્યોને દક્ષિણામાં આપી દીધું. ઉદ્દાલકજીને નચિકેતા નામે પ્રસિદ્ધ એક પુત્ર હતો.

## શિવાનંદ વાણી

### સુખ-શાંતિ

જન્મ દુઃખ છે; દર્દ દુઃખ છે, મૃત્યુ દુઃખ છે. શોક, સંતાપ, દર્દ, વિલાપ બધાં જ દુઃખ છે. અણગમતી વસ્તુ દુઃખ દે છે; વહાલી વસ્તુઓ ગુમાવવાનું દુઃખ થાય છે; ઈચ્છાપૂર્તિ ન થાય તો દુઃખ જણાય છે. હે માનવ ! આ દુનિયામાં ખરું સુખ કે આનંદ છે ખરાં ? તો આ દુન્યવી વસ્તુઓને વળગી કેમ રહો છો ? આ પૃથ્વીના પટ પર રખડતા કૂતરાની જેમ સુખની શોધમાં આમ-તેમ શા માટે ભમો છો ? અંદર શોધો, અંદર જુઓ, આત્મદર્શન કરો અને શાંતિ તેમજ અમરતાના નિવાસમાં વિરામ કરો. એક સેકન્ડની પણ ઢીલ ન કરશો. પરિશ્રમ કરતા રહો. આગળ ધપો. હમણાં જ સાક્ષાત્કાર કરો અને મુક્ત થાઓ.

**- સ્વામી શિવાનંદ**

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | કઠોપનિષદ્ ......... ............................ | | ૩ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ | .............................. | ૪ |
| ૩. | સંપાદકીય | તંત્રી........................ | ૫ |
| ૪. | સાચો વૈરાગ્ય | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૭ |
| ૫. | સત્યમાં વસવાનું પસંદ કરો | શ્રી સ્વામી ચિદાનંદજી........... | ૧૧ |
| ૬. | એશિયન સમાજના પુનર્નિર્માણ અર્થે પરિકલ્પના | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી..... | ૧૪ |
| ૭. | અનુકૂળ બનવાનું શી રીતે શીખવું | શ્રી સ્વામી જ્યોતિર્મયાનંદજી .... | ૨૨ |
| ૮. | તેન ત્યક્તેન ભુંજીથાઃ | શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી...... | ૨૪ |
| ૯. | શિવાનંદ કથામૃત | ગુરુદેવના સંન્યાસી શિષ્યો....... | ૨૭ |
| ૧૦. | વૃત્તાંત | ................................ | ૩૧ |


## તહેવાર સૂચિ

### એપ્રિલ - ૨૦૧૭

| તા. | તિથિ | (ચૈત્ર સુદ) |
|---|---|---|
| ૧ | ૫ | શ્રી પંચમી |
| ૪ | ૮ | દુર્ગાષ્ટમી |
| ૫ | ૯ | શ્રી રામનવમી, પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનો સંન્યાસ દિવસ, ચૈત્રી નવરાત્રી સમાપ્ત |
| ૭ | ૧૧ | કામદા એકાદશી |
| ૮ | ૧૨ | પ્રદોષ પૂજા |
| ૯ | ૧૩ | શ્રી મહાવીર જયંતી |
| ૧૧ | ૧૫ | પૂર્ણિમા, શ્રી હનુમાન જયંતી |
| | (ચૈત્ર વદ) | |
| ૧૪ | ૩ | ડૉ. આંબેડકર જયંતી |
| ૨૨/૨૩ | ૧૧/૧૨ | વરૂથિની એકાદશી |
| ૨૪ | ૧૩ | પ્રદોષ પૂજા |
| ૨૬ | ૩૦ | દેવપિતૃકાર્ય અમાવાસ્યા |
| | (વૈશાખ સુદ) | |
| ૨૮ | ૨/૩ | અક્ષય તૃતીયા, શ્રી પરશુરામ જયંતી |
| ૨૯ | ૩/૪ | શ્રી શ્રી અષ્ટલક્ષ્મી આદિશક્તિપીઠનો ૧૭મો પાટોત્સવ, વિનાયક ચતુર્થી |
| ૩૦ | ૫ | શ્રી આદિશંકરાચાર્ય જયંતી |

### "અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- **આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. તેથી સરનામાની ચોકસાઈ માટે વિનંતી.**
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલહાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

### દિવ્ય સ્ફુલિંગ

### સેવા

બીજાને ઉપયોગી થવામાં અને તેમની સેવા કરવાનું જીવન જીવવામાં તમે પ્રામાણિક રહેજો. આમ કરવાથી તમે કાંઈ તમારા આધ્યાત્મિક જીવનને છોડી દેતા નથી કે બહાર નીકળી જતા નથી. આમ કરવામાં તમારું જીવન જો પ્રામાણિકતા અને સત્યના સિદ્ધાંતો અનુસાર જિવાતું હોય તો તમારા ભરણ પોષણ માટે તમે લીધેલો શ્રમ એ કોઈ પણ રીતે તમારા આધ્યાત્મિક જીવનની પ્રગતિમાં હરકત કે અવરોધરૂપ નથી.

**- સ્વામી ચિદાનંદ**

# સંપાદકીય

ફાગણ બેસતાંની સાથે કેસૂડાંનાં પુષ્પોથી આખીયે વનરાઇ કેસરી પરિધાન ધારણ કરી લે છે. પાનખર ગઇ; વસંતનાં વધામણાંને પગલે સમગ્ર વનપૂંજ નૂતન કોમળ કૂંપળો અને ચળકતાં લીલાં કે વચ્ચે ક્યાંય રતુંબડા વનપલ્લવોથી શોભી ઊઠે છે, તેમાંયે સવારના કૂણાં તડકાનાં સૂર્ય કિરણોથી ચળકતા આ વનવૈભવનું દશ્ય વિહંગમ બની રહે છે. જેમ વસંત આવી તેના પૂર્વે પાનખર પણ આવી, પરંતુ પાનખરની ઉદાસી પછી વસંતના આગમનનો ઉલ્લાસ અને આનંદ અનન્ય હોય છે.

શક્તિ આસુરી હોય કે દૈવી... જય સદા સત્યનો જ થાય છે. ફાગણ સુદ પૂર્ણિમાનાં હોલિકાદહન સાથે પણ કંઇક આવી જ વાર્તા-કથાઓ જોડાયેલી છે. હિરણ્યકશિપુના મનમાં એક ભૂલ ભરેલી સમજણ છે કે વિષ્ણુએ મારા ભાઇને માર્યો છે. બસ તેથી મારે વિષ્ણુને મારવો. હિરણ્યકશિપુ માટે કથાનક કહે છે કે તેણે છત્રીસ હજાર વર્ષ તપ કર્યું. અન્નજળનો ત્યાગ કર્યો, પરંતુ માત્ર જડવત. આવાં તપ કરવાનો કોઇ જ લાભ ન થઇ શકે કે જ્યાં સુધી તપસ્વીની ભાવના અને હેતુ શુદ્ધ ન હોય. નૌકાને કિનારે બાંધી રાખીએ અને આખીયે રાત્રિ હલેસાં મારવાથી ક્યાંય યાત્રા-સફર થતી નથી. તે નૌકાને તેના ખીલામાંથી છોડવી પડે.

સમાજના કહેવાતા ભણેલા-ગણેલા લોકો ધર્મ, તત્ત્વ, કરુણા, ક્ષમા કે ઉદારતાનો અર્થ કદીયે સમજી નહીં શકે, જ્યાં સુધી તેમના મનમાંથી ઇર્ષા-દ્વેષ અને કલુષિતતાની બાદબાકી નહીં થાય. બીજા લોકો શું કરે છે; તેની ટીકા-ટીપ્પણી ખૂબ સરળ છે; પરંતુ ટીકાકાર પોતે કઇ અને કેવી ગંદકીમાં ઊભો છે તે તરફ તેણે કદીયે દષ્ટિપાત કર્યો હોતો નથી. અને તેથી જ સમાજની શાંતિ જોખમાય છે. ભાગવતજી કહે છે:

**હિત્વાડત્મપાતં ગૃહમન્ધકૂપં વનં ગતો યદ્ધરિમાશ્રયેત॥**
(ભાગવત : ૭-૫-૫)

અંધારા કૂવા સમાન આપણી ચોપાસનો સમાજ પણ આપણા પોતાના અધઃપતનનું મૂળ કારણ છે. તેનો અર્થ સમાજનો ત્યાગ કરવાનો નથી, પરંતુ જે સમાજમાં આપણે રહીએ છીએ; તે સમાજના આપણા ઉપરના ઉપકારોનું ઋણ ચૂકવવાનું છે. આ ક્ષણે આપણે એટલું તો વિચારવું જ ઘટે કે આપણે આપણા સમાજ માટે શું કર્યું ? આપણે આપણી જાતને પરિવારને, સમાજને, દેશને વફાદાર છીએ? સમરસતા અને સહજતાની વાતો કરનારા દંભી લોકોથી જ સમાજ ભ્રષ્ટ છે; જે લોકો કાર્યશીલ છે; પોતાના એકેય પ્રકારના સ્વાર્થ વગર સેવાપરક જીવનયાપન કરે છે; તેના જીવનની સુગંધ કોઇ માણી ન શકે તો તેમાં તે સેવાભાવી વ્યક્તિ વિશેષનો શો દોષ? માખીનાં નાક કાન અને મોંમાં બજારની ગંદકી હોય તો તે પુષ્પોની સુગંધ-મહેકને કદીયે ન માણી શકે. અહીં પણ ગંદકી જ છે તેવું કહેવાના બદલે તે ગંદા માનસનું શુદ્ધિકરણ જપ, ધ્યાન, પ્રાર્થના અને સ્વાધ્યાય તથા નિષ્કપટ-નિષ્પાપ આચરણથી જ સંભવી શકે. બાકી સદાયે સ્વાર્થનો અંચળો ઓઢીને પરમાર્થનો દાવો કરનારા દંભી લોકો જ સામાજિક અને રાષ્ટ્રીય હિતના વિધ્વંસકારો છે.

દિવ્ય જીવન એટલે ટીલાં-ટપકાં કદીયે ન હતાં અને આવાં લાંબાં ટૂંકાં ચિતરામણથી પરમાત્મ તત્ત્વની પ્રાપ્તિ કદીયે કોઇને થઇ નથી. કપાળ ઉપર ચંદન-રાખની ભભૂત ભભરાવવા કરતાં આપણાં માંહ્યલાને, અંતરતરને શીતળ કરી શકાય, ચંદન જેવાં સુગંધિત કરી શકાય અને જીવન અંતે ભસ્મીભૂત જ થવાનું છે, માટે અહંકારનો ત્યાગ કરીએ. સરળ સહજ પવિત્ર જીવનને યાપન કરવા કટિબદ્ધ થઇએ, એટલે દિવ્ય

જીવન.

માટે જ યાજ્ઞવલ્ક્યજી મૈત્રેયીજીને કહે છે કે, ''પોતાના સ્વાર્થ માટે જ લોકોને ઘર, પુત્ર, પત્ની વગેરે પ્રિય લાગે છે.'' **આત્મા વૈ સર્વેષાં પ્રિય:।''**

**ન વા અરે પ્રત્યુઃ પતિઃ પ્રિયો ભવતિ**
**આત્મનસ્તુ કામાય પતિઃ પ્રિયો ભવતિ।**

અને આવું સમગ્ર જગતનાં સર્વે મહત્ તત્ત્વો વગરના ક્ષુદ્ર તત્ત્વોમાં નિહિત મિથ્યાત્વનો ત્યાગ અને એકમાત્ર **''ચિદાનંદ રૂપો શિવોઽહમ્ શિવોઽહમ્''**નું આરાધન થાય તો અહંકારનો સ્તંભ તૂટી શકે છે અને જડતામાંથી નૃસિંહ પ્રગટી શકે છે. અસત્યનું અતિક્રમણ અને સત્યસંપદાનું સંરક્ષણ સંભવી શકે છે. માટે જાગૃત થઇએ. સકારાત્મકતા સભર જીવન યાપન કરીએ. જીવનની તમામ વિષમ પરિસ્થિતિઓ વચ્ચે પણ સંતુલન ન ખોરવીએ. ઈશ્વરની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારીએ, વિજય થશે જ ! ૐ શાંતિ.

**- સંપાદક**

## શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ
### શિવાનંદ આશ્રમ, અમદાવાદ

**શિવાનંદ આશ્રમ, અમદાવાદના વાર્ષિકોત્સવની ઉજવણીનો શુભારંભ**

તા. ૨૧ એપ્રિલ, ૨૦૧૭ થી તા. ૩ મે, ૨૦૧૭ દરમિયાન શિવાનંદ આશ્રમ, અમદાવાદના વાર્ષિકોત્સવની ઉજવણીના પાવન પ્રસંગે અત્યંત હર્ષ તેમજ ગૌરવની લાગણી અનુભવીએ છીએ. આ મહોત્સવના ઉપલક્ષ્યમાં ધર્મ-વિષયક, લોકકલ્યાણલક્ષી તેમજ આધ્યાત્મિક પ્રગતિલક્ષી કાર્યક્રમોનું આયોજન પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે.

- તા. ૨૧ એપ્રિલ, ૨૦૧૭ થી ૨૭ એપ્રિલ, ૨૦૧૭ સુધી પરમ પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવેલ છે, જે નિમિત્તે નક્કી કરવામાં આવેલ ન્યોછાવર :
- મુખ્ય યજમાન - ૧,૧૧,૧૧૧
- પોથી યજમાન - ૩૧,૦૦૦
- દૈનિક યજમાન - ૧૧,૦૦૦
- મુખ્ય આરતી - ૫,૧૦૦
- સર્વાંગ આરતી - ૫૦૧
- કૃષ્ણજન્મના યજમાન - ૨૫,૦૦૦
- રુક્મિણી વિવાહના યજમાન - ૫૧,૦૦૦
- એક દિવસના ભોજન પ્રસાદના દાતા - ૬૦,૦૦૦
- એક દિવસના પ્રસાદના દાતા - ૫,૦૦૦

આપ સહુ ભક્તોને નમ્ર નિવેદન છે કે આ દિવ્ય પ્રવૃત્તિને સાથ-સહકાર તેમજ પ્રોત્સાહન આપવા વિનંતી. આપની ઉદાર હાથે કરાયેલી દાનવૃષ્ટિ આ આધ્યાત્મિક ઉન્નતિની પાવન ઉજવણીને સફળ તેમ જ સાર્થક બનાવશે.

ટ્રસ્ટી મંડળ, શિવાનંદ આશ્રમ, અમદાવાદ

# સાચો વૈરાગ્ય

**ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી**

**[પૂજ્ય ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજનું જીવન સાધનાનો પર્યાય હતું. તેઓ સાધના-સિદ્ધ પુરુષ હતા. તેમનાં જીવનની પ્રત્યેક પળ અને પ્રત્યેક શ્વાસ સાધના જ હતાં. તેમનાં જન્મ શતાબ્દી પછીના દશ વર્ષો એટલે ચિદાનંદ દિવ્ય દશક પ્રસંગે આપની સમક્ષ 'સાધના' પ્રસ્તુત કરતાં ખૂબ આનંદ છે.]**

કેટલાક નવા નવા અને અધકચરા સાધકો પોતાને 'મહાત્યાગી' અને 'મહાભોગી' ગણાવે છે અને કેટલીક વાર ધર્મશાસ્ત્રમાંથી અવતરણ પણ આપે છે કે આપણે જીભ વિના ખાઈએ છીએ, આપણે આંખ વિના જોઈએ છીએ. ચોર અને ઢોંગી લોકો તરત જ શોધી શકાશે. આવા લોકો એક બાજુ ઉદરપૂર્તિ માટે ગંગામાંથી માછલાં પકડતા અને બીજી બાજુ ગીતાના નીચેના શ્લોકોનું પઠન કરતા હોય તેવા છે –

**नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।**
**न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुत : ॥**
(ગીતા ૨-૨૩)

તે (આત્મા)ને શસ્ત્રો છેદી શકતાં નથી. અગ્નિ તેને બાળી શક્તો નથી. પાણી તેને ભીંજવી શકતું નથી કે પવન તેને સૂકવી શક્તો નથી.

વિકૃત બુદ્ધિયુક્ત લોકોની કેવી ઉચ્ચ ફિલસૂફી! ઢોળ ચડાવેલા દાગીના તે વળી કદી કાયમ ચળકતા રહી શકતા હશે? મોરનાં પીંછાંમાં ઢંકાયેલો કાગડો તો તરત ઓળખાઈ આવે છે. આવા સાધકોની તૃષ્ણા અને વાસના તરત ફૂટી નીકળે છે અને સામાન્ય માણસ પણ તેમને સહેલાઈથી પારખી શકે છે.

મહાત્યાગી અથવા મહાભોગી માણસ તેને સહજ આપવામાં આવેલ કેરીઓ કે દૂધના પ્યાલાનો અસ્વીકાર કરતો નથી. સાથે-સાથે તેના માટે તલસતો પણ હોતો નથી. તે કદી એમ નહિ કહે કે ''મેં આજે બહુ જ મધુર દૂધ કે મીઠી કેરીઓનો સ્વાદ માણ્યો છે.'' જો કોઈ સાધક બીમાર હોય અને જો તે ઘન ખોરાક ખાઈ શકે તેમ ન હોય, જો તેને દૂધની જરૂર લાગતી હોય, જો દૂધ ખરીદવા તેની પાસે પૈસા ન હોય અને જો કોઈ ભક્ત પોતાની મેળે જ થોડું દૂધ તેને આપે તો તેણે ના ન કહેવી જોઈએ. પરમાત્મા આશ્ચર્યજનક રીતે કામ કરે છે. જુદા જુદા લોકોના મન મારફત કામ કરીને તે તેના ભક્તોની સંભાળ લે છે.

કોઈ બાળક રાત્રે ઊંઘમાં ખાય છે અને પછી સવારે માતા તેને પૂછે કે રાત્રે શું ખાધું હતું? તો બાળક કહે છે કે મેં તો રાત્રે કંઈ જ ખાધું નથી, તમે મારી મજાક ઉડાવો છો. આવી જ સ્થિતિ કોઈ જીવનમુક્ત યોગી કે મહાત્યાગી કે મહાભોગીની હોય છે, તે ખાય છે છતાં ખાતો નથી. તે મોં વિના ખાય છે અને નાક વિના સૂંઘે છે. કેટલીક વખત માણસ રાત્રે ઊંઘમાં, સ્વપ્નમાં બોલે છે, વાતો કરે છે. જો તમે તેને સવારે પૂછો કે રાત્રે ઊંઘમાં તમે શું બોલતા હતા? તો તે જવાબ આપશે કે હું તો કંઈ જ જાણતો નથી. આવી જ સ્થિતિ એક જીવન્મુક્ત કે મહાત્યાગી કે મહાભોગીની છે.

દુર્વાસાએ સુખકર ભોજન કર્યું અને છતાં તેમણે કહ્યું કે હું એક નિત્ય ઉપવાસી છું. હું કંઈ જ ખાતો નથી. હું તો ઘાસનો રસ માત્ર લઉં છું. આમ, તેઓ એટલા માટે જ કહી શક્યા કે તેઓએ અકર્તા, અભોક્તા અને સાક્ષીમાત્ર એવા આત્મા સાથે ઐક્ય સાધ્યું હતું. શ્રીકૃષ્ણ ભગવાન રાધા, રુક્મિણી અને સત્યભામા સાથે રહેતા હતા છતાં પણ તેમને નિત્ય બ્રહ્મચારી ગણવામાં આવે છે. સંત તિરુવલ્લુરે તેમનાં પત્નીને કહ્યું, હે પ્રિયે! આ નદીને કહો કે નિત્ય બ્રહ્મચારી એવા મારા પતિનો આદેશ છે કે મને માર્ગ આપો. નદી તમને તુરત જ માર્ગ આપશે અને તમે વગર નૌકાએ નદી ઓળંગી શકશો. તેમણે પોતાના પતિએ કહ્યા પ્રમાણે કર્યું અને તુરત જ નદી ઓળંગી. તેમને પોતાના પતિના આ શબ્દોથી ખૂબ

જ આશ્ચર્ય થયું અને તેથી તેમણે પતિને પૂછ્યું, ''હે દેવ ! તમે મારી સાથે રહો છો અને છતાં કહો છો કે હું નિત્ય બ્રહ્મચારી છું. મને ખૂબ વિસ્મય થાય છે. હું તો ખૂબ જ ગૂંચવાઈ ગઈ છું. કૃપા કરી મને આપની ફિલસૂફી સમજાવશો.'' તિરુવલ્લુરે જવાબ આપ્યો, ''હે પ્રિયે! હું તો અમર આત્મા છું. મેં સીધા અનુભવથી તેનો સાક્ષાત્કાર કર્યો છે. હું પોતે કંઈ જ કરતો નથી. હું તો માત્ર મૂક સાક્ષી છું. ઈન્દ્રિયો, શરીર, મન અને બુદ્ધિ એ મારાં સાધનો છે. હું પોતે તે બધાંથી સંપૂર્ણપણે પર છું.'' તિરુવલ્લુરનાં પત્ની આત્માનો સ્વભાવ સમજ્યાં અને પછી શાંત બની ગયાં.

નાજુક તબિયતના સામાન્ય સાધકોએ કઠોર તપશ્ચર્યાનો આશરો લેવો ન જોઈએ, જેઓએ કાયાસિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેઓ કોઈ પણ પ્રકારની તપશ્ચર્યા કરી શકે છે; કારણ કે તેમનું શરીર વજ્ર જેવું બનેલું હોય છે. જો કોઈ નાજુક તબિયતનો સાધક અન્નનો ત્યાગ કરી પાંદડાં ઉપર નિર્વાહ કરવાનું શરૂ કરે તો તેનું દેખીતું પરિણામ એ આવશે કે તે અનેક પ્રકારનાં આંતરડાના વાયુઓનાં દર્દોમાં સપડાશે અને આ સંસારમાંથી વહેલો ચાલતો થશે. જેઓ તામસી તપ આદરે છે તેમને આવા પ્રકારનાં ફળ મળે છે.

જો તમે ઠંડી-ગરમી જેવા દ્વંદ્વો ઉપર પ્રભુત્વ મેળવ્યું હોય, જો તમે સખત ગરમી અને તીવ્ર ઠંડી સહન કરી શકતા હો; જો તમે હિમમય ગંગોત્રીમાં વગર કપડે ઊભા રહી શકતા હો તો ખરેખર આ ખૂબ જ પ્રશંસનીય છે, પરંતુ જો તમારું માળખું તકલાદી કે નાજુક હોય અને જો તમે ખુલ્લા તડકામાં થોડા કલાક ઊભા રહો કે કપડાં કાઢીને ગંગોત્રીમાં ઊભા રહો તો જરૂર તમે થોડા જ વખતમાં લૂ લાગવાથી કે ન્યુમોનિયાથી મૃત્યુ પામો. માટે, આવા કઠોર અભ્યાસનો આશરો લેવો ન જોઈએ. જપ અને ધ્યાનથી આ જન્મમાં તમે જે કંઈ થોડું ઘણું પ્રાપ્ત કરશો તે બધું જ ગુમાવશો અને આ જન્મમાં પરમાત્માને પામવા માટે તમને તેણે જે એક મોકો આપ્યો છે તે પણ તમે તમારી આવી મૂર્ખાઈ ભરેલી તામસી તપશ્ચર્યાથી ગુમાવશો.

એક સાધકે એક વખત એકાએક પોતાનાં કપડાં કાઢી નાખ્યાં અને પરિણામે તેને સંધિવા થયો, પછી મલેરિયા થયો, બરોળ ફૂલી ગઈ અને છેવટે થોડા વખતમાં જ તે મૃત્યુ પામ્યો. એક સાધકની જે જે કામનાઓ થોડા સમય માટે દબાઈ ગઈ હતી તે બધી માંદગી દરમ્યાન ફરી બમણા જોરે પ્રસ્તુત થઈ. તે પોતાની જીભનો દાસ બન્યો અને નવી નવી વાનગીઓ ખાવાની ઈચ્છા દર્શાવવા લાગ્યો. તે આ કામનાઓને દબાવી ન શક્યો અને વિવેક રાખ્યા સિવાય જે તે ખાવા લાગ્યો અને પરિણામે અતિસાર થવાથી મૃત્યુ પામ્યો.

એક સાધકે કહ્યું કે, ''મેં કેટલાંક વર્ષ સુધી ધ્યાનનો અભ્યાસ કર્યો છતાં મને આત્મસાક્ષાત્કાર થયો નથી, માટે 'હું અમર આત્મા છું' એવા ભાવ સાથે હું આત્મહત્યા કરવા માગું છું. હવે મને પૂર્ણ વૈરાગ્ય ઉપજ્યો છે. મારો હેતુ શુદ્ધ છે. તેથી મને કોઈ પાપ નહિ લાગે. મને આત્મસાક્ષાત્કાર થશે.'' ખરેખર તેણે આવું ઘૃણાજનક કામ કર્યું. આપણાં ધર્મશાસ્ત્રોમાં ક્યાંય પણ આવું લખાણ તમે વાંચ્યું છે? ચોક્કસ નહિ. આ તો અત્યંત મૂર્ખતા છે. જે સાધકોને સાચા વૈરાગ્યનો ખ્યાલ હોતો નથી કે જેઓ પોતાના ગુરુના માર્ગદર્શન નીચે થોડો સમય પણ રહ્યા નથી તેઓ જ આવાં અધમ કાર્યો કરે છે. તેમની ભાવના અથવા તેમનો હેતુ ભલે સાચો હોય, પરંતુ ખોટી તપશ્ચર્યા આદરીને તેઓ કદી પણ મોક્ષ મેળવી શકતા નથી. આવું કાર્ય કરતી વખતે તેઓ કદી પણ આવો ભાવ લાવી ન શકે કે ''હું આત્મા છું.'' ખરી કટોકટીના સમયે તેમના મનમાં ભયાનક વિચારો ઊમટી પડશે અને પરિણામે આત્મહત્યા કરવાથી દેખીતી રીતે જ તેમને પ્રેતયોનિ ભોગવવી પડશે.

મનને ધીમે ધીમે તેની જૂની ટેવો અને કામનાઓથી વિમુખ કરવું જોઈએ. જો તમે એકાએક જ તેના આનંદનાં કેન્દ્રો કાપી નાખશો તો તે ગૂંચવાઈ જશે. જે યુવાન સાધકો ખૂબ જ વૈરાગ્ય આચરે છે તેઓ આત્મહત્યા કરવા જેવું અધમ કાર્ય કરી બેસે છે તેનું આ

જ કારણ છે. ધીરે ધીરે તમારે મનને ધ્યાનના અભ્યાસની તાલીમ આપવી જોઈએ અને આંતરિક સુખનો અનુભવ કરાવવો જોઈએ. આથી ધીમે ધીમે મન તેની જૂની ટેવો અને કામનાઓ ત્યજી દેશે અને તમે સાચા વૈરાગ્યમાં સ્થિત થશો.

જેમ વિવેક વધુ કેળવશો તેમ વૈરાગ્ય વધુ પેદા થશે. આ સંસાર કેવળ આભાસ અને દુઃખોથી ભરપૂર છે અને કેવળ બ્રહ્મ જ જ્ઞાન અને સુખથી પૂર્ણ એકમાત્ર સત્ય છે એવી સમજ પેદા થવાથી, ધ્યાનના સતત અભ્યાસથી તથા આત્મસાક્ષાત્કાર પામેલા સંત પુરુષોના લાંબા સમય સુધીના સમાગમથી જ અંતઃકરણના ઉપવનમાં વૈરાગ્યનું ફૂલ ખીલે છે. છેવટે આ સંસારના બધા પદાર્થો વૈરાગી મનુષ્યની દૃષ્ટિએ તુચ્છ અને નિરર્થક ભાસે છે. પછી ત્રણે લોકની સમૃદ્ધિ તેની સામે ધરવામાં આવે તો પણ તે પોતે સ્વીકારેલું આધ્યાત્મિક જીવન નહિ છોડે.

ભોજનની જે વાનગીઓ થોડા સમય માટે તેમને સૌથી વધુ ભાવતી હોય તેવી વાનગીઓનો સાધકે સર્વથા ત્યાગ કરવો જોઈએ અને તેમણે બધી જ ઈન્દ્રિયોને પૂર્ણ રીતે સંયમમાં લાવવી જોઈએ. તેમણે સદા સાદું જીવન જીવવું જોઈએ અને સાદો સાત્ત્વિક આહાર લેવો જોઈએ પણ તેઓએ વૈરાગ્યના અભિમાનના ગુલામ ન બનવું જોઈએ. વૈરાગ્ય તો માનસિક સ્થિતિ છે. વિષય પદાર્થોની આસક્તિમાંથી પોતાના ભક્તો મુક્ત થાય તે માટે પરમાત્મા તેમનામાં વૈરાગ્ય પ્રેરે છે.

તમે બધા મહાત્યાગી અને મહાભોગી બનો ! તમે બધા વૈરાગ્ય-અભિમાનના રોગથી મુક્ત બનો! તમે બધા શાશ્વત અને સાચો વૈરાગ્ય પ્રાપ્ત કરો!! તમે બધા કૈવલ્ય અથવા પૂર્ણત્વ પ્રાપ્ત કરો!!!

### સાચો વૈરાગ્ય

એક વખત કાશીમાં એક સંન્યાસી રહેતા હતા. તેઓ એક મહાન તિતિક્ષુ હતા. તેઓ ઠંડી અને ગરમી સહન કરી શકતા હતા. ઉનાળાના બળબળતા બપોરે તેઓ તડકામાં ઊભા રહી શકતા અને શિયાળાની કડકડતી ઠંડીમાં ગંગામાં પણ ઊભા રહી શકતા. લાકડાના ખાટલાનો તેમણે ત્યાગ કર્યો હતો અને તેઓ ઘાસની પથારી ઉપર જ સૂતા હતા.

એક વખત તેમને તેમના એક સેવક સાથે મસૂરી જવાનું થયું. ત્યાં તેમને સૂવા માટે લાકડાનો ખાટલો આપવામાં આવ્યો ત્યારે તેમણે તે સ્વીકારવાની સ્પષ્ટ ના પાડી અને ઘાસની પથારી જ લાવી આપવાનો આગ્રહ રાખ્યો. હવે તે સમયે ત્યાં વરસાદ પડતો હતો અને તેથી ઘાસ મેળવવું ખરેખર ખૂબ મુશ્કેલ હતું; છતાં પણ સ્વામીજી મહારાજ માન્યા નહિ ત્યારે સેવકે નમ્રતાપૂર્વક કીધું કે તમે તો ખૂબ જ આગળ વધેલા સંન્યાસી મહાત્મા છો. તમારું શરીર લાકડાના ખાટલામાં સૂઈ રહે કે ઘાસની પથારીમાં, તમારે મન તો બંને એક જ હોવું જોઈએ. ત્યારે સ્વામીજીએ આજ્ઞા કરી કે ના, નહિ જ, મારે તો મારી હંમેશની ઘાસની પથારી જ જોઈશે; કોઈ પણ ઉપાયે મારા માટે તે લઈ આવો જ.

વૈરાગ્ય પ્રત્યેની આસક્તિ એ વિષયો પ્રત્યેની આસક્તિ જેટલું જ મોટું દૂષણ છે. આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વૈરાગ્ય એ એક સાધન છે, સાધ્ય નહિ. જીવન્મુક્ત યોગીને રાગ કે વિરાગ હોતા નથી. તેને તમે બટકું સૂકો રોટલો આપો તો પણ તેને સંતોષ થશે. તે વિષે તે જરા પણ ગણગણાટ નહિ કરે. જો તમે તેને ઉત્તમ મીઠાઈ, દૂધ કે ફળ આપશો તો પણ તે ના નહિ પાડે, પરંતુ સુંદર ભોજનથી તે એકદમ આનંદિત નહિ થઈ જાય. તે હંમેશાં પોતાના આત્મામાં જ મસ્ત હોય છે અને તેમાં જ આનંદ પામે છે. બાહ્ય પદાર્થોથી તે ખુશ થતો નથી. કોઈ પણ મનુષ્યે આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો છે કે નહિ તેની આ જ કસોટી છે. સંસારી મનુષ્યને પોતાને મનગમતું ભોજન ન મળે તો તેને ખૂબ દુઃખ થાય છે અને જ્યારે તેને સ્વાદિષ્ટ ભોજન મળે છે ત્યારે તે ખુશ ખુશ થઈ જાય છે. જ્યારે જીવનમુક્તને બંનેમાં મનનું સમત્વ હોય છે. તે ઇષ્ટ અને અનિષ્ટથી પર હોય છે.

રાજા જનકે શુકદેવજીની પરીક્ષા કરી હતી.

કેટલાક દિવસ સુધી તેમને ભોજન વિના દરવાજા આગળ પડ્યા રહેવા દીધા છતાં તેઓ પ્રસન્ન હતા. પછી તેમને અંતઃપુરમાં લઈ જવામાં આવ્યા, જ્યાં રાણીઓએ તેમની ખૂબ સેવા કરી અને તેમને ભાતભાતનાં ભોજન પીરસ્યાં, છતાં તેઓ નિર્લેપ રહ્યા. આ છે જ્ઞાન.

આ ઉપરથી જોઈ શકીએ છીએ કે મસૂરીમાં ઘાસની પથારીનો આગ્રહ રાખનાર સ્વામીજીએ મનની સમતા પ્રાપ્ત કરી નથી, આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો નથી. કેટલાંયે વર્ષના આધ્યાત્મિક અભ્યાસ પછી પણ કેટલાંયે વર્ષની આધ્યાત્મિક સાધના પછી પણ તેમને વૈરાગ્ય પ્રત્યે આસક્તિ હતી. દરેક પ્રકારની આસક્તિથી તેઓ સંપૂર્ણપણે મુક્ત નહોતા-કારણ તેઓ વૈરાગ્યથી આસક્ત હતા.

તેમણે સહજ અવસ્થા એટલે કે જે અવસ્થામાં સર્વ પ્રકારના પદાર્થો પ્રત્યે ઉદાસીનતા હોય અથવા જેમાં સુખ-સગવડ કે કઠિનાઈ બંને પ્રત્યે સમત્વ હોય તેવી સ્થિતિ તેમણે પ્રાપ્ત કરી નથી.

યોગવાસિષ્ઠમાં કહ્યું છે કે જેને પદાર્થો પ્રત્યે મનની સમતા પ્રાપ્ત થઈ છે તેને મહાત્યાગી કે મહાભોગી કહેવાય છે. વૈરાગ્યનો અભ્યાસ કરવો એ સહેલું છે પણ દરેક બાબતમાં મનનું સમત્વ જાળવી રાખવું એ ખૂબ જ મુશ્કેલ છે.

જે સંન્યાસીઓ લોકહિતાર્થે કામ કરતા હોય છે તેઓ કેટલાક સંકલ્પ કરે છે કે અમે આગગાડીમાં મુસાફરી નહિ કરીએ. પગે ચાલીને જ યાત્રા કરીશું, અમે દૂધ, ફળ વગેરે નહિ લઈએ અને ફાઉન્ટન પેન અને ઘડિયાળ નહિ વાપરીએ વગેરે. આવા બધા સંકલ્પ ઈચ્છનીય નથી. આ વૈરાગ્યનું સાચું સ્વરૂપ કે સાચો સ્વભાવ નથી. તેમને પણ વૈરાગ્ય પ્રત્યે આસક્તિ હોય છે. આ એક બીજા પ્રકારની ક્ષતિ છે. તેઓ સેવા કરવા માગે છે. જો તેઓ મોટરગાડી કે આગગાડીમાં મુસાફરી કરે, જો તેઓ શરીરને બળવાન અને તંદુરસ્ત રાખે તો તેઓ થોડા સમયમાં વધુ સેવા કરી શકે છે. જેઓ ઘણું લેખન કામ કરે છે તેઓ જો ફાઉન્ટન પેન વાપરે તો ઘણું સારું કામ કરી શકે છે. મૂર્ખતા ઘણાં સ્વરૂપ ધારણ કરી શકે છે. આ એક પ્રકાર છે. તે ભણેલા માણસો અને સંસ્કારી સાધકોને પણ નથી છોડતો.

કેટલાક સંન્યાસીઓ પ્રતિષ્ઠા અથવા કીર્તિ પ્રાપ્ત કરવા માટે વૈરાગ્યનું આચરણ કરે છે. વૈરાગ્યનો અભ્યાસ કરે છે; પરંતુ સર્વાન્તર્યામી પરમાત્મા તો બધાના હેતુઓને જાણે છે. તમે તેને છેતરી શકશો નહિ.

જ્યારે કોઈ માણસ એકાંતમાં રહેતો હોય તો તેનામાં વૈરાગ્યની શક્તિ ક્યાં? એકાંતમાં તો કોઈ પ્રલોભનો હોતાં નથી. જ્યારે કોઈ માણસે કશું જ ત્યજ્યું નથી, જ્યારે તેની પાસે ત્યજવા માટે કશું નથી, જ્યારે તેણે સંસારના વિષય પદાર્થો ભોગવ્યા નથી કે જ્યારે તેના મનમાં સંસારના વિષય પદાર્થો માટે આકર્ષણ નથી ત્યારે પછી ભલે તે શરીર ઉપર ગુણપાટની કફની અને હાથમાં કમંડળ ધારણ કરીને બાહ્યાડંબરથી એમ બતાવે કે પોતે વિરક્ત કે વૈરાગી છે, તો પણ તેનામાં વૈરાગ્યની શક્તિ ક્યાં?

રાજા જનક રાજભોગો વચ્ચે રહેતા હતા. લોકોએ એક વખત દોડતાં આવીને કહ્યું કે મિથિલા નગરીમાં આગ લાગી છે, છતાં જનક રાજા જરા પણ વિચલિત થયા નહોતા. આ છે સાચો વૈરાગ્ય. તે જ ખરેખર એક મહાન વિરક્ત કહી શકાય.

યુવાન સાધકોએ ખૂબ જ સાવચેત અને સાવધાન રહેવાની જરૂર છે. તેઓએ મહાત્યાગી અને મહાભોગીની સ્વતંત્રતાનો લાભ નહિ ઉઠાવવો જોઈએ. આ તો કોઈ આગળ વધેલા અને સમદૃષ્ટિ પ્રાપ્ત યોગી માટેનો જ માર્ગ છે. નવા સાધકોએ તો સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય અને વૈરાગ્યના તેમના સંકલ્પોને અક્ષરશઃ વળગી રહેવું જોઈએ. તમે બધા રાગ અને વૈરાગ્યનું અતિક્રમણ કરી આત્મજ્ઞાન પ્રાપ્ત કરો! તમે બધા વૈરાગ્યનો સાચો સ્વભાવ અને સ્વરૂપ સમજો. વૈરાગ્ય એ તો બેકાબૂ મનને કાબૂમાં લાવવા માટેની લગામ છે. પાકટ વૈરાગ્ય એટલે આત્મિક સુખ માટેની તીવ્ર આસક્તિ અને આત્મા સિવાય બીજી બધી બાબતો

(અનુસંધાન પાન નં. - ૨૧)

# સત્યમાં વસવાનું પસંદ કરો

- શ્રી સ્વામી ચિદાનંદજી

વેદધર્મની આખી ઈમારત જે વિષય ફરતી રચાઈ છે તે મધ્યવર્તી અનુભવ વિષે આપણે ટૂંકમાં ચર્ચા કરી છે. જે ઋષિઓને આ ઉન્નત અનુભવ થયેલો તેઓએ જાહેર કરેલું કે અહીં બધી વસ્તુઓમાં ઈશ્વર વસેલો છે. બધાં અસ્તિત્વમાં ઈશ્વર અંતર્નિહિત છે. **'ઈશાવાસ્યમિદમ્ સર્વં યત્ કિંચ જગત્યામ્ જગત્'** - આ વિશ્વમાં જે બધુ ચર તેમજ અચર છે તેમાં ભગવાન વસેલો છે.'' સમગ્ર હિન્દુ ધર્મના પાયારૂપ એવો આ મધ્યવર્તી અનુભવ આ રીતે તેઓએ જાહેર કર્યો છે.

જ્યારે ભગવાન કૃષ્ણે ગીતાના અગિયારમા અધ્યાયમાં ભગવદ્કૃપા કરીને તેના વિશ્વરૂપનું દર્શન કરાવ્યું ત્યારે આ મધ્યવર્તી અનુભવ અર્જુનને ફરી વાર આપેલો. તેને જોવા માટે ખૂબ આશ્ચર્યજનક દિવ્ય દૃષ્ટિ ભગવાને આપેલી. અર્જુને સર્વત્ર ઈશ્વર અને ઈશ્વર જ જોયેલો. તે જે બાજુ ફર્યો, તેણે જ્યાં નીરખીને જોયું, ત્યાં તેણે ઈશ્વર સિવાય કશું જ દીઠું નહીં. તેને રોમાંચ થયો, તેને આનંદાતિરેક થયો, અચંબો પામ્યો. આ મહાન દૃષ્ટિએ તેનો કબજો લઈ લીધો.

**"સર્વં ખલ્વિદમ્ બ્રહ્મ નેહ નાનાસ્તિ કિંચન** - ખરેખર, અહીં બધું બ્રહ્મ જ છે. આ સિવાય કશું અસ્તિત્વમાં નથી". આ મહાન દૃશ્યના આધારે આ મહાન અનુભવ થયો ત્યારે વેદની દૃષ્ટિની આ કેન્દ્રીય હકીકત જાણતા હોઈને અને વેદ મુજબની જીવન પ્રણાલી જાણ્યા પછી માણસે કેમ વર્તવું જોઈએ? જ્યારે શ્રીકૃષ્ણે, મહાન શાસ્ત્ર શ્રીમદ્ ભાગવત મહાપુરાણના અગિયારમા સ્કંધમાં, તેમના મહાન ભક્ત, ઉદ્ધવને અંતિમ પ્રયાણ સમયે જે સંદેશો આપેલો તેમાં વિગતવાર સૂચનાઓ આપી છે.

આ મહાન દૃશ્યના આધારે કેમ જીવવું તે સંદેશ કેમ યાદ રાખવો, તમારી ભાવનાઓમાં, વિચારોમાં, વસ્તુઓના તમારા મતમાં અને તમે જીવનમાં કેમ વર્તશો વિષે ઉદ્ધવ મારફતે ભગવાને શીખવ્યું છે. તમારું આખું જીવન કેમ આધ્યાત્મિક બનાવવું, તમારે જે જગતમાં રહેવાનું છે, હરવા-ફરવાનું છે, પાર્થિવ શરીરે અસ્તિત્વ ધરાવવાનું છે તે આ જગતમાંનાં તમારાં કાર્યો અને દિન-પ્રતિદિનના વહેવારો કેમ કરવા તે આ દૃષ્ટિ અને જ્ઞાન-બોધ કહે છે.

આ જીવનની ભૌતિક બાજુનું આધ્યાત્મીકરણ થઈ શકે? તેની આધ્યાત્મિક ઉન્નતિ શક્ય બને ખરી?હા, હા એટલું જ નહિ, પરંતુ જો તમારે ઈશ્વર-ચેતનામાં પ્રવેશવું હોય તો આ આધ્યાત્મીકરણ અનિવાર્ય છે. તેમ નહિ કરશો તો આ ચેતનાના સ્થૂળ સ્તર પર તમે હંમેશ માટે કેદી બની રહેશો. તમે હંમેશ ભૌતિક ચેતનામાં રહેશો અને આ બાહ્ય ભૌતિક જગતની સાથેનો તમારો સંબંધ તે સ્તરે જ રહેશે. જ્યાં સુધી તમે ભૌતિકની કાયાપલટ નહિ કરો અને તેમાં અને તેના મારફત તમારી જાતને આધ્યાત્મિક ચેતનાના ઉચ્ચતર સ્તર પર ઉન્નત નહિ કરો ત્યાં સુધી આધ્યાત્મિક ચેતનાના ઉચ્ચતર સ્તર ઉપર ચઢવાની કશી શક્યતા નહિ રહે. તમારી દિન-પ્રતિદિનની જિંદગી મારફત જ તમારે રફતે-રફતે ઈશ-દર્શનના પરમ સામ્રાજ્યમાં લઈ જતી સીડી દ્વારા ઉપર ચઢવું પડશે.

બદલતા રહેતા આભાસોથી તમે પૂરા ભરાઈ જઈ તેઓ તમારા જીવન પર કબજો જમાવે તે પસંદ કરશો કે અંતરનું આધ્યાત્મિક તથ્ય તમને ભરી દે અને તમારા જીવનનું પરિવર્તન કરે તે પસંદ કરશો? આમાંથી નક્કી કરવાનું તમારા હાથમાં છે, તમારે પસંદગી કરવાની છે.

તમારા જીવન અને કાર્યના આધાર તરીકે તમે સદા પરિવર્તનશીલ, ભૌતિક દેખાવને લેશો કે તમારા પૂર્વજોના મહાન આધ્યાત્મિક અનુભવ અને તથ્યોને

બાહ્ય જગત સાથેના સંબંધનો આધાર - સાધન - બનાવવા પસંદ કરશો? તમારી પસંદગી શું છે? જો તમે સ્પષ્ટ સમજતા હો કે આ પસંદગી ઉપર તમારા જીવનની દૃષ્ટિ અને ગુણવત્તા આધાર રાખે છે તો તમે અંતિમ અનુભૂતિ સુધી પહોંચશો.

જો આ મહાન સત્યને બાજુ પર મૂકી દેવાનું તમે પસંદ કરશો, તેને ગૌણ ગણશો તો તમારું જીવન હંમેશ ફાંફાં મારવામાં, ઠોકર ખાવામાં પડવામાં અને ઘાણીના બળદની જેમ ફરતા રહેવામાં વ્યતીત થતું જીવન બની રહેશે. જો આ સત્યના આધારે જીવવાનું પસંદ કરશો તો તમારું સમગ્ર જીવન પ્રકાશિત થશે. તમે પછી અંધકારમાં વધુ વખત નહિ રહો, તમે પ્રકાશમાં ચાલશો. તમે કહી શકશો : ''હું અજવાળામાં છું, પ્રકાશ મારી અંદર છે; હું જ પ્રકાશ છું''

પછી તમારું સળંગ જીવન આધ્યાત્મિક બનશે. પ્રકાશ હોવા છતાં અંધકારમાં રહેવું પસંદ કરો છો કે તમે એક અને આખરી વાર, અંધકારમાં પાછા ફરવાનો ઈન્કાર કરી અંધકારમાંથી બહાર નીકળી જાઓ છો. - આ બેમાંથી તમારે પસંદ કરવાનું છે. તમે કહેશોઃ "**તમસો મા જ્યોતિર્ગમય.** ઈશોપનિષદ, ભગવદ્‌ગીતા, ભાગવત આ ત્રણે શાસ્ત્રો મુજબ જેઓ જીવ્યા તે ગુરુદેવના સંપર્કમાં આવ્યા પછી અંધકારમાં હવે કદી થોડી ક્ષણ માટે પણ નહિ રહું. હું પ્રકાશમાં જ રહીશ, હરીશ-ફરીશ અને અંતે આત્મજ્ઞાન મેળવીશ.''

જો આવો સંકલ્પ હોય તો આ જગતમાં કશું તમને જીવન-મુક્ત થતાં રોકી ન શકે, દિવ્ય દૃષ્ટિ અને ગુણવત્તાવાળું પ્રભાવી જીવન જીવતાં કોઈ રોકી શકે નહિ, કારણ આ પ્રકારની સભાનતા હોય ત્યાં કશું ક્ષુદ્ર, અભદ્ર, આસુરી ટકી ન શકે - અશક્ય! આવા જીવનમાં કશું ક્ષુદ્ર, કશું આસુરી પ્રવેશવાની હિંમત ન કરે, છતાં માનો પ્રવેશી જાય તો પણ તરત જ પકડાઈ જાય, મોઢું છુપાવી લે અને ઝડપથી તેને હાંકી કાઢવામાં આવે, આગળ વધવા જ ન દેવાય. સાચી સભાનતાનો આ પ્રભાવ છે, ભગવાનના પ્રકાશની શક્તિ એવી છે કે જો તમે આ દૃષ્ટિથી જીવવાનું વિચારો તો તેની શક્તિને બોલાવી શકો.

દરરોજ દર પ્રભાતે આ પસંદગી આપણી સમક્ષ હોય જ છે. ખરું પૂછો તો કઠોપનિષદ તો એક ડગલું આગળ વધી જાહેર કરે છે કે પસંદગી દર પળે, દરેક ડગલે ને પગલે તમારી સામે જ હોય છે. અંદર તેમજ બહાર, તમારી વિચારસરણીમાં ભાવના અને મનોભાવમાં અને કર્મોમાં પસંદગી હંમેશ ખુલ્લી જ હોય છે. તમે જે છો તેનું આ બધું આછું પ્રતિબિંબ છે. ખરેખર એ જ તમારું ખરું કાર્યક્ષેત્ર છે.

કઠોપનિષદ વળી કહે છે કે જે વ્યક્તિ જીવનના ખોટા રાહ છોડી નથી દેતી તે સાક્ષાત્કાર નથી કરી શકતી, તેને પ્રાપ્તિ નથી થતી. જે વ્યક્તિમાં ત્યાગ, ખરો વિવેક, વૈરાગ્ય અને મોહત્યાગ દ્વારા ગંભીરતા પ્રગટી નથી તે વ્યક્તિ આ પ્રાપ્તિ કરી શકતી નથી. જેણે પોતાના વેર-વિખેર મનને એકાગ્ર ન કર્યું હોય, મનની બેચેની પર પ્રભુત્વ ન મેળવ્યું હોય અને જેનો મનના બહાર ભટકવાના અવિરત વલણ પર કાબૂ ન હોય તેમજ ઈન્દ્રિય ભોગોમાં જેનું મન ભટકતું હોય તે પણ પ્રાપ્તિ મેળવવામાં સફળ થઈ શકતો નથી. જો મનને દૃઢતાપૂર્વક અંતર્મુખ ન કરીએ અને આત્મા સાથે ન જોડીએ, તો આત્મજ્ઞાન પામવું શક્ય નથી.

આ શરતોનું પાલન થાય ત્યારે ઉદ્‌ભવતી સમજ દ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેથી ખરેખર તમારા જીવનની દરેક પળે આધ્યાત્મિક દૃષ્ટિ અપનાવવાનો, આધ્યાત્મિક ભાવ તથા વલણ મેળવવામાં અને જે કંઈ કાર્ય કરો તેમાં તે મહાન વાસ્તવિકતા જે સઘળાં સર્જનમાં અંતઃસ્થ છે તેની સાથે જોડાણ કરવાની પસંદગી મળે છે.

''હું ઈશ્વરથી વધુ દૂર નથી. ઈશ્વર કદી મારાથી ખૂબ દૂર નથી. તે સઘળા સ્થળે, આપણી ફરતો, અંદર તેમજ બહાર છે. આ સત્ય છે. આ સત્યમાં જ જીવવા હું કોશિશ કરીશ'' આવી તમારી પસંદગી હોય તો તમે અમરતાના રાહ પર છો. મુક્તિ અને સિદ્ધિના

રાહ પર છો.

બધાં શાસ્ત્રો આ પસંદગી કરવા, ખરી પસંદગી કરવા આહ્વાન આપે છે. ઊઠો, જાગો અને જ્ઞાનસંપાદન કરો. આ દૃષ્ટિ અપનાવવા બધાં શાસ્ત્ર હાકલ કરે છે, આ દૃષ્ટિએ જીવી કર્મ કરવા કહે છે અને આત્મજ્ઞાન મેળવવા આહ્વાન આપે છે. તમને દરેકને ઉપનિષદોનો આ મહાન, શાશ્વત લલકાર છે.

બાહ્ય સંજોગોની ખાસ કોઈ અસર હોતી નથી, કારણ આંતરદૃષ્ટિ અને આંતરવિચારમાં પરિવર્તન લાવવાની શક્તિ જ મહત્ત્વની છે, તે બધા બાહ્ય સંજોગો પર પ્રભુત્વ મેળવે છે અને કહેવાતા સ્થૂળ, ભૌતિક વિશ્વમાં દિવ્યતાના વાસને જોતા ફરે છે.

સ્થૂળ, ભૌતિક વિશ્વ જેવું કશું નથી. બધે જ ફક્ત ઈશ્વર વ્યાપ્ત છે. બધે જ ફક્ત દિવ્ય ઓતપ્રોત છે. તે દિવ્યતામાં તમારો વાસ છે. કહેવાતા સ્થૂળ જગત અને દુન્યવી સંજોગો આપણા સર્જન છે, આપણી કલ્પના છે. ખરેખર તો ફક્ત તે એકલાનું અસ્તિત્વ છે.

આપણે સત્યમાં જીવીએ. સત્યને સમર્થન આપી તેનો જ દાવો કરીએ. જૂઠાણામાં જીવવાની મહાન ભૂલ કદાપિ ન કરીએ. જૂઠાણાનો અસ્વીકાર કરો. સત્યનું સમર્થન કરો. વિવેક અને વિચાર આમાં જ આવી જાય છે. આ સત્યદર્શનનું ઉન્નત જીવન ગાળવા ઈશ્વર અને ગુરુદેવ શક્તિ આપે અને આ જ શરીરમાં, આ જ જન્મે પરમ ધન્યતાનો મુગટ પહેરાવે.

**માનવજન્મની ધન્યતા**

આ બાબતનું ગહનતાથી અને બરાબર ચિંતન કરજો. જીવાત્માને માનવજન્મ અને તેનો મોભો પૂર્ણતયા ભેટ મળેલ છે ત્યારે જો મન મજબૂત કરો તો જીવાત્માને કશું અશક્ય નથી. આ સત્યને દૃઢતાથી સમજવાનું છે.

જો તમે પોતાને નબળી માનવવ્યક્તિ ગણશો તો બધું જ અશક્ય લાગશે. બધું મુશ્કેલ જણાશે, બધું અચોક્કસ દેખાશે. જો તમે જાતને દિવ્ય વ્યક્તિ ગણશો તો બધી બાબત શક્ય લાગશે, બધું સહેલું જણાશે, બધું નક્કી અને ચોક્કસ દેખાશે.

એટલે તમે પોતાને અજ્ઞાની માનો છો કે જ્ઞાની તે નિર્ણાયક બાબત છે. તમે શું પસંદ કરો છો? અંધકાર કે પ્રકાશ? અજ્ઞાન કે જ્ઞાન? તમારે નક્કી કરવાનું છે.

ગુરુદેવ ઈચ્છે કે તમે જ્ઞાનવાન થાઓ, ઊઠો, જાગો અને જ્ઞાન પ્રાપ્ત કરો. ઉપનિષદો તમે જ્ઞાની બની જીવો તેમ ચાહે છે. 'તમસો મા જ્યોતિર્ગમય'ની પ્રાર્થના તમને જ્ઞાન-પ્રકાશમાં જીવવા યાદ આપે છે, પ્રેરિત કરે છે, પ્રભાવિત કરે છે. જીવનના વેદ ચીંધ્યા માર્ગે, ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિના સંદર્ભમાં અજ્ઞાનને કદી મહત્ત્વ નથી અપાયું. અજ્ઞાન કદી સ્વીકૃતિ નથી પામ્યું.

ડગમગ્યા સિવાય, અચકાયા સિવાય, અનિશ્ચિત બન્યા વગર તમે જે દૃઢ દૃષ્ટિબિંદુ રજૂ કરશો તે નિર્ણાયક, નિશ્ચયાત્મક પરિબળ બની રહેશે.

☐ **'મુક્તિપથ'માંથી સાભાર**


**ગુજરાતી માધ્યમમાં** **૩૮મો યોગશિક્ષક આવાસીય-તાલીમ શિબિર**

તા. ૧૧-૦૫-૨૦૧૭ થી ૩૦-૦૫-૨૦૧૭ સુધી ૩૮મો યોગશિક્ષક આવાસીય-તાલીમ શિબિર. જે યોગ પ્રેમીઓ પોતે પ્રારંભિક યોગાસનોનું જ્ઞાન ધરાવે છે; અને બીજાને શિખવવા ઈચ્છે છે અને ગુજરાતી માધ્યમમાં જ્ઞાન સંપાદન કરી શકે છે તેઓને શિબિરમાં પ્રવેશ મળશે. પ્રવેશ માટે યુનિવર્સિટીનો સ્નાતક કક્ષાનો અભ્યાસ કરેલો હોવો જરૂરી છે. જેમનું શરીર સ્વસ્થ છે, જેઓ કોઈ પણ વ્યસનના વ્યસની નથી તેઓને પ્રવેશ આપવામાં આવશે.

દરરોજ સાડા અગિયાર કલાકનાં શિક્ષણમાં યોગાસનો, પ્રાણાયામ, મુદ્રા, બંધ, ક્રિયાઓ, શિથિલીકરણ ઉપરાંત તજજ્ઞ તબીબો દ્વારા શરીર વિજ્ઞાન અને આરોગ્યશાસ્ત્ર, ભગવદ્ગીતા, પાતંજલ યોગદર્શન , રેઈકી ડિગ્રી-એક અને બેનું જ્ઞાન સંપાદન કરાવવામાં આવશે. આ ગુજરાત યુનિવર્સિટીની માન્યતા પ્રાપ્ત સંસ્થા દ્વારા કરેલો સર્ટિફિકેટ કોર્સ છે. પ્રવેશ ઈચ્છતા મુમુક્ષુઓએ ૩૦ એપ્રિલ પૂર્વે પ્રવેશપત્ર ભરી લેવું. પ્રવેશપત્ર 'divyajivan.org' પરથી મેળવી શકાશે.

# એશિયન સમાજના પુનર્નિર્માણ અર્થે પરિકલ્પના

શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

(ફેબ્રુઆરી મહિનાની તા. ૧૧ થી તા. ૧૪ સુધી બૌદ્ધ અને હિન્દુ સંસ્કૃતિ જ્ઞાન પ્રદાતા સાંચી વિશ્વવિદ્યાલય ખાતે એશિયન ફિલોસોફી પરિષદ અને ૯૧મી ભારતીય ફિલોસોફી પરિષદનું આયોજન થયું, જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય બેનેગલા ઉપટીસ્તા નાયક ટેરો (અધ્યક્ષ : મહાબોધી સોસાયટી, શ્રીલંકા અને પ્રમુખ સંઘ નાયક, જાપાન) દ્વારા થયું. આ પ્રસંગે મધ્યપ્રદેશના સાંસ્કૃતિક તથા પ્રવાસન મંત્રી આદરણીય શ્રી સુરેન્દ્ર પટવાજી પણ ઉપસ્થિત રહ્યા. વિશ્વનાં ઓગણીસ રાષ્ટ્રના મનીષીઓના કુલ છ સભાઓમાં ૨૪ પ્રવચન, ત્રણ સિમ્પોઝિયમમાં બાર પ્રવચન તથા ટેક્નિકલ સેશન્સમાં ૧૯૨ પેપર્સ પ્રસ્તુત થયાં. આ ફિલોસોફી એ વે ઓફ લાઈફ ઉત્સવમાં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું ઉદ્‌બોધન પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ. -સંપાદક)

નમસ્કાર

વ્યક્તિ કે સમાજ અથવા રાષ્ટ્ર કે રાષ્ટ્ર સમૂહો સદૈવ સ્વકીય ઉત્કર્ષ, અભ્યુદય અને ઉત્થાન માટે જ અગ્રસર રહ્યાં છે ત્યારે આ આગેકૂચમાં બાધા શું? વિઘ્ન શું છે? તે ખૂબજ વિચારવું પડે. આ સંદર્ભમાં શ્રીમદ્‌ ભગવદ્‌ગીતાના સોળમા અધ્યાયમાં આપણી દૈવી અને આસુરી બંને પ્રકૃતિનું વિષદ વર્ણન કરવામાં આવ્યું છે. મુખ્ય વાત એમ કહી કે કામ, ક્રોધ અને લોભ જ માનવ માત્રના દુઃખનાં પ્રમુખ કારણો છે.' ગીતાએ અન્યત્ર બીજી એક વાત પણ સ્પષ્ટ કરી છે કે આપણા સુખ અને દુઃખનાં કારણો બહાર નથી, તે આપણું પોતાનું મન છે અને આવી આ દુઃખદ પરિસ્થિતિમાંથી બહાર લાવવાનું કાર્ય પણ આપણે જાતે જ કરવું પડશે.

**ઉદ્ધરેદાત્મનાત્માનં નાત્માનમવસાદયેત્‌ ।**
**આત્મૈવ હયાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ ॥**

(ગીતાઃ ૬:૫)

આપણા મિત્ર કે શત્રુ આપણે જાતે જ છીએ. તેથી આપણી સમક્ષ શ્રેય અને પ્રેય બંને વચ્ચેનો સ્વીકાર આપણે જાતે જ કરવો રહ્યો, પરંતુ હિતકારી વાત લોકોના ગળે ઊતરતી શા માટે નથી? આતંકવાદ, હિંસા, ધ્વંસ અને વિનાશનો ભોગ શા માટે થવાય છે ? કારણ કે આપણે આપણી જાતને ''અમે ડાહ્યા! અમારા જેવું કોઇ નહીં '' એવી ભ્રાન્તિમાં આપણે જીવીએ છીએ.

**''અનેક ચિત્ત વિભ્રાન્તા મોહજાલ સમાવૃતાઃ ।**
**પ્રસક્તાઃ કામભોગેષુ પતન્તિ નરકેડશુચૌ ॥**

(ગીતા ૧૬ : ૧૬)

અહીં આટલા સુધી વાત થઈ હોત તો સમાધાન સરળ હતું, પરંતુ ભ્રાન્તિની ભરતી ભારે હતી એટલે દુર્બુદ્ધિ થતાં મનમાં એક ભૂત ભરાયું.

**''આઢ્યોડભિ જનવાનડસ્મિ ક્રોડન્યોડસ્તિ સદંશો મયા!** (ગીતા : ૧૬:૧૫) તથા વાત એટલે સુધી પહોંચી કે વ્યક્તિ એમ જ કહે કે ''હું જ ઈશ્વર છું, ભોગી, સિદ્ધ હું જ છું. મારા સમાન બીજું કોઇ નથી!''

આમ, માત્ર એશિયામાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં રાવણ જેવા ઇદી અમીનોની ઉપજ થતાં જ રાષ્ટ્ર પાયમાલ થયાં છે.

**અમાનિત્વમદમ્ભિત્વમહિંસા ક્ષાન્તિરાર્જવમ્‌ ।**
**આચાર્યોપાસનં શૌચં સ્થૈર્યમાત્મવિનિગ્રહ : ॥**

(ગીતા : ૧૩ : ૭)

માન માગો નહીં, આપો. સન્માન કરતાં શીખો. દંભનો ત્યાગ કરો. અહિંસા શાંતિ અને સરળતાને જીવનમાં પ્રમુખ સ્થાન આપો. તમારા જીવનમાં યોગ્ય ગુરુનું સ્થાન હોવું જ જોઇએ કે જે તમને જીવન યાપન અને અંતે મોહ-લોભનો ત્યાગ કરી પરમાર્થનો મોક્ષ પદાર્થપાઠ ભણાવે. વિચાર-વાણી અને આચરણનું ઐક્ય, છળ વગરનું; કપટરહિત

જીવન અને અંતે આત્મતત્ત્વની ઉપલબ્ધિનો રાજમાર્ગ જ સમગ્ર વિશ્વને શાંતિ અને સુલેહના માર્ગે દોરી શકે.

'હિન્દી ચીની ભાઈ ભાઈ'નો નારો આપણે પચાસ વર્ષ પૂર્વે સાંભળ્યો હતો, પરંતુ ઇતિહાસ સાક્ષી છે કે ચીની ઉદ્દંડતાએ સદૈવ ભારતની શાંતિ અને અમન ઉપર હુમલા કર્યા છે. પાકિસ્તાનના લોકો તેમના વ્યક્તિગત જીવનમાં સુખી નથી તેમ તેમનાં વ્યક્તિગત જીવનમાં ભારત પ્રત્યે કડવાહટ પણ નથી, પરંતુ સત્તાલોલુપતા અને સ્વાર્થનાં પડળ પહેરેલા રાજકારણીઓ જ સદા યુદ્ધને પ્રેરતા રહ્યા છે. ઇઝરાયલ અને અફઘાનિસ્તાન, બૈરુત કે ઇજિપ્ત તેમનાં વ્યક્તિગત જીવનમાં અમેરિકન રાજસત્તાએ કરેલી દખલથી માત્ર આ આરબ દેશો જ નહિ પરંતુ અમેરિકન પ્રજા પણ ત્રસ્ત થઈ છે.

દૂરની વાત શા માટે કરવી! આપણા પોતાના જ ઘરના દીવા તળે અંધારું છે; અને તે છે આપણા દેશની રાજધાનીમાં જે.એન.યુ. આ યુનિવર્સિટીની સ્થાપનાનાં ૨૦-૨૨ વર્ષ પછી શ્રીમતી રાજ થાપરે પોતાની આત્મકથા લખી. તેમાં તેમણે લખ્યું છે કે, ''અફસોસ છે કે નહેરુ વિશ્વવિદ્યાલય બન્યું છે.'' શ્રીમતી રાજ થાપરે જે. એન. યુ. પ્રત્યે આટલી વિતૃષ્ણા શા માટે બતાવી ? તેમના પતિ શ્રી રોમેશ થાપરે દેશમાં કંઈક ઉત્કૃષ્ટ સંસ્થા ઊભી થાય તેવી કલ્પના કરેલી, પરંતુ ઇન્દિરા ગાંધીના મુખ્ય સચિવ પી. એન. હક્સર જૂના માર્ક્સવાદી હતા. રોમેશ થાપરે લખ્યું છે કે, ''કોંગ્રેસનું મુસ્લિમ લીગ સાથેનું જોડાણ ભવિષ્યના ભારતને ભારે પડશે. દુર્ભાગ્યે હક્સરના દબાણ તથા ગેરરીતિઓને કોઈએ પડકારી નહીં અને રાષ્ટ્રની સંપત્તિનો મહાપ્રવાહ જે. એન. યુ. તરફ વહેતો રહ્યો. યુનિવર્સિટીમાં કોમ્યુનિસ્ટો અને ડાબેરી પ્રોફેસરોએ ભારતની રાજધાનીમાં હિન્દુ અને હિન્દુસ્તાન વિરોધી બીજારોપણ કરીને અમૃતઘટની ભીતર હળાહળ વિષ ભર્યું. સુપ્રસિદ્ધ રાજનીતિશાસ્ત્રી રજની કોઠારીએ આ યુનિવર્સિટીને 'લોકતંત્ર સામેનો ભય' ગણાવેલ છે. અત્રે જો મિત્રોખિનના અભિલેખોનું સ્મરણ કરીએ તો વધુ સ્પષ્ટ થશે કે સોવિયેત ગુપ્તચર સંસ્થા કેજીબી એ ભારતમાં કેટલી વિસ્તૃત જાળ પાથરી હતી. અમે પોતે જ્યારે નાના હતા ત્યારે માત્ર દશ રૂપિયામાં ત્રણ વર્ષ માટે 'સોવિયેત લેન્ડ' નામનું મેગેઝિન મંગાવતા હતા, કારણ તેની સાથે પાંચ રૂપિયાની ડિક્શનરી ફ્રી આપવામાં આવતી હતી. તે ડિક્શનરી આજે પણ હું વાપરું છું. રંગીન ચિત્રો, આર્ટ પેપર અને સુંદર દેખાવ વચ્ચે ભારતીય કૂમળા માનસને વિકૃતિ ભણી દોરવાનું કાર્ય સોવિયેત રાષ્ટ્રોએ કર્યું.

આ બધી દુર્ભાગ્ય પરિસ્થિતિઓના કારણે જ સંસદ ઉપર હુમલો કરનાર જેહાદી આતંકવાદી મહંમદ અફઝલને હીરો બનાવવામાં આવ્યો.

રાષ્ટ્રીય ચૂંટણી સમયે શ્રી નરેન્દ્ર મોદી વિરુદ્ધ પ્રચાર કરવા માટે જે.એન.યુ.ના વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોનું એક મોટું જૂથ વારાણસી ગયું. આપણાં તિરંગા ઝંડાથી જૂતાં સાફ કરી તેનાં પોસ્ટરો ઠેરઠેર લગાવવામાં આવ્યાં. કારગિલના વિજયી સૈનિકો પ્રત્યે દ્વેષ અને ગંદી રાજકારણી આ રીતે પ્રદર્શિત થઈ. દંતેવાડામાં માઓવાદીઓએ સુરક્ષાદળના ૭૦ જવાનની સામૂહિક હત્યા કરી. મોહાલી ખાતે પાકિસ્તાન સામે ભારતનો વિજય થયો ત્યારે વિજયનો આનંદ મનાવતા લોકો ઉપર અમાનુષી અત્યાચાર કરવામાં આવ્યો. દુર્ગાપૂજાનો મહિષાસુર એટલે દલિત સમાજ તેવું ગણાવી દુર્ગામાતા બાબતે અત્યંત અશોભનીય વાતો કરવામાં આવી.

આવી જ રીતે જ્યારે યુ. એન.માં ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ ઘોષિત કરવામાં આવ્યો ત્યારે માત્ર દેવબંદ જ નહીં; પરંતુ જે.એન.યુ.માં પણ યોગ નહીં કરવો અને સૂર્યનમસ્કાર શાળાઓમાં ફરજિયાત ન કરી શકાય તેવાં દંગલ કર્યાં. ઇઝરાયલનો વિનાશ નોતરવાના યુદ્ધમાં તત્કાલિન આપણા વડા પ્રધાન શ્રી અટલબિહારીજીએ ભારત આ યુદ્ધમાં સામેલ નહીં થાય તેવું મક્કમ વલણ રાખ્યું, જ્યારે ઇંગ્લેન્ડના ટોની બ્લેરે

સાથ આપ્યો. તેથી તેઓની સત્વરે જ રાજકારણમાંથી બાદબાકી થઇ ગઇ.

આ બધો દેશ, એશિયા કે દુનિયામાં થતી ઊથલપાથલ અને ભાંગફોડનો આછો ચિતાર છે.

થોડું શાંત અને સ્વસ્થ મને વિચારીએ તો સમજાશે કે આપણા આ પ્રાકૃતિક જીવનનું પ્રમુખ કારણ એ છે કે આપણે આપણી જાતને કુદરતથી અલગ કરી નાખી છે. વૃક્ષો વનપૂંજોનો વિનાશ, વિકાસના નામે કારખાનાંઓની ગંદકીનો નદીઓમાં નિકાલ, યાતાયાત અને સગવડતા તથા ધનલોલૂપતા માર્ગે પહાડોનો વિચ્છેદ કરીને બનાવવામાં આવતા માર્ગો અને પચાસ વર્ષ પૂર્વે આપણાં અંતર્દેશીય પોસ્ટકાર્ડ ઉપર ''જાતિ મત પૂછો; જાતિ મત બોલો, જાતિ મત સોચો'' છપાઇને આવતું હતું તે બધું ભૂલી જઇને જાતિપાતિના પણ અનેક પેટા વિચ્છેદ કરીને રાષ્ટ્રની એકતા-અખંડતાના લીરા-ચીરા ઉડાવી દેવામાં આપણે કંઇ પણ બાકી રાખ્યું નથી. શ્રીલંકામાં જાતિ-પ્રજા સમૂળગી નાબૂદ છે. સરકારી અને બિનસરકારી તમામ પ્રવેશપત્રો કે નિવેદનપત્રો ઉપર આવેદકે માત્ર તેનું નામ જ લખવાનું હોય છે. રાવણનો દેશ રામરાજ્યમાં જીવે છે અને રામની જન્મભૂમિ રાવણો ઉત્પન્ન કરી રહી છે. અયોધ્યામાં બાબરી મસ્જિદના ધ્વંસ સમયે મુલાયમ સરકારે જે અમુલાયમી દુષ્કૃત્ય આચર્યાં, સાધુ-સંતોની હત્યાઓ કરીને તેમને રેતીની બોરીઓ સાથે બાંધીને સરયૂના ઊંડા જળમાં ફેંકી દીધા.

અશાંતિ ઉત્પન્ન થવાનાં કારણોમાં ગુજરાતના ગોધરાકાંડને કેમ ભૂલી જવાય. કહેવાતા ધાર્મિકવડાઓ જ પોતાની કોમના લોકોને ભડકાવીને ટ્રેન ઊભી રાખીને એક કમ્પાર્ટમેન્ટના બધા જ લોકોને બાળી નાખે અને તેના પ્રત્યાઘાત રૂપે ગુજરાતમાં કોમી રમખાણો થયાં, તે પાપનું મૂળ ક્યાં હતું તે વિષયે વિશ્વે વિચાર કર્યો નથી, પડઘા અને પડછાયા-ઓછાયાના ઓતાર થયા.

ગુજરાતના દક્ષિણ વિસ્તારમાં આદિવાસી પરિવારની એક માતાના બે પુત્રો હતા. તેમાંનો એક દીકરો ખ્રિસ્તી ધર્મનો અનુયાયી હતો. એક વખત માતા જ્યારે ખ્રિસ્તી દીકરાના ઘરે હતી. તેનું મુત્યુ થયું તો તેણે બીજા ભાઇને સૂચના આપ્યા વગર દફનાવી દીધી. હિન્દુભાઇ અને તેનો સમાજ આ દાટેલી લાશને કાઢી લાવ્યા અને વિધિસર અગ્નિસંસ્કાર કર્યો. આ વાતનો ખ્રિસ્તી સમાજે એટલો બધો ઊહાપોહ કર્યો કે હિન્દુઓ ખ્રિસ્તી લોકોની લાશોને કાઢીને બાળે છે. તે ભાઇનું ઝૂંપડું બાળવામાં આવેલું તેના માટે પ્રચાર થયો કે હિન્દુઓ ચર્ચને બાળે છે અને શ્રીમતી સોનિયા ગાંધી છેક દિલ્હીથી દક્ષિણ ગુજરાત આવ્યાં. હું ત્યારે લંડન હતો. ત્યાં એક હિન્દુ પરિવારની ખ્રિસ્તી કૂળવધુએ મારો ઊધડો લીધો.... તમો હિન્દુઓ આ શું અમાનવીય કૃત્ય આચરો છો.

આ બધી ઘટનાઓ ઉપર ગંભીરતાથી વિચારવું પડશે. બાળકોને નાનપણથી જ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારના પાઠ ભણાવવા જોઇએ. યુવાનો નશો કરે, હતાશ થાય, નિરાશ થાય, આત્મહત્યા કરે તેનું કારણ શું છે? તેમનામાં સહનશીલતાનો અભાવ. માતા-પિતા તરફથી યોગ્ય સદ્ભાવ-પ્રેમ અને વાત્સલ્યની ઊણપ. અમેરિકન છોકરાઓ દશમું પાસ થાય એટલે પંછી ઊડી જાય. આપણે આપણાં બાળકોની માવજત કરીએ છીએ, તેમને ભણવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ. તેઓ પોતાનાં જીવન વિષે ગંભીર બને તદર્થે પ્રામાણિક પ્રયત્ન કરીએ છીએ, જે જરૂરી છે અને પાયામાંની આવશ્યકતા છે.

આપણા ધર્મ જ્યાં સુધી યુવાનોને ખડતલ અને ચારિત્ર્યવાન ન બનાવે ત્યાં સુધી ધાર્મિક શિક્ષણનો કંઇ અર્થ નથી. ધર્મને મંદિર મસ્જિદ અને ગીરજાઘરમાંથી બહાર લાવો. સૌ કહેવાતા ધાર્મિક વડાઓ સાથે બેસતાં શીખે. પરસ્પર પ્રેમ અને સદ્ભાવ એ બાઇબલની પોકળ વાતો જ ન હોવી જોઇએ. આપણે બૌદ્ધ ધર્મ મતાવલંબી ભૂમિમાં છીએ. બુદ્ધે પણ બુદ્ધ ધર્મ અને તેની સાથે સંઘ એટલે સમાજ વ્યવસ્થાની સાથે રહેવાનો

આદેશ આપ્યો છે. મુસ્લિમ સમાજ શિયા અને સુન્ની કે દાઉદી વહોરાઓ કદી સાથે બેસતા નથી. ખ્રિસ્તી લોકો પણ પ્રોટેસ્ટન્ટ, ઓલ્ડ ચર્ચ વગેરે વિભાગોમાં વિભાજિત છે. તો આપણા સ્વામિનારાયણ પંથ કે જૈન, બૌદ્ધના ફીરકાઓ પણ ધર્મ અને સમાજનું વિભાજન કરવામાં ક્યાંય ઓછા ઊતર્યા નથી. વૈષ્ણવ (વલ્લભાચાર્યજીને માનનારાઓ) પોતાની પંક્તિમાં દશનામી સંન્યાસીઓને બેસાડતા નથી ત્યારે આપણું વૈદિક વાંગ્મય અને સનાતન ધર્મ સદા સૌને માટે પોતાનાં દ્વાર મુક્ત કરીને રાખે છે, તે આપણા મહાન રાષ્ટ્રનું ગૌરવ છે. ચંદ્રગુપ્તની સફળતા પાછળ ચાણક્ય જેવા જાગૃત ગુરુની આવશ્યકતા હતી. શિવાજી સાથે સંત રામદાસજી હતા. ગુરુ વગરના લોકોની બુદ્ધિ ક્ષુદ્ર જ હોય તેવું માનવાનું કારણ નથી.

ભારતમાં લાંચ રુશ્વત બહુ છે, પૈસા દબાવી રાખ્યાના ભયંકર અનુભવો તાજેતરમાં જ થયા છે, તેનું મુખ્ય કારણ ધર્મ અને ધાર્મિક નેતાઓ છે તેમ કહેવાનું અને માનવાનું કોઇ કારણ નથી. ધર્મ છે, ધાર્મિક જ્ઞાન છે. તેથી જ હજુ પણ દેશનું નામ ઊજળું છે. વિપત્તિમાં રાષ્ટ્ર એક સૂત્રે બંધાઇ શકે છે. બાકી બનારસમાં શ્રી સ્વામી વિશ્વેશ્વરાનંદજી અને તેના અનુયાયીઓને પોલીસ દ્વારા ઢોર માર મારીને કચરાપેટીમાં ફેંકાવી દેવાના મુલાયમ અને અખિલેશના અત્યાચારોને ભારત કદી વિસ્મૃતિ નહીં કરી શકે.

આનંદ-વિનોદના નામે અસભ્ય અશ્લીલ ચિત્રપટોની ચોવીસેય કલાકની બોલબાલા પણ આપણા ચારિત્ર્યોની હાનિ માટે ખૂબ જવાબદાર છે. સંસદમાં થતી કૂતરાં-બિલાડાં જેવી મારામારી અને સાંસદોના વ્યક્તિગત જીવનની વિભીષિકાના કારણે જ વર્તમાન યુવા માનસની વિકૃતિ કરે છે તેને કેમ વિસરી શકાય?

આવા સંજોગોમાં એક જ ઉપાય છે, માનવને માનવ તરીકે મૂલવતાં શીખીએ, પીડ પરાઇને સમજતાં શીખીએ. ધર્મ એટલે કર્તવ્ય, જવાબદારી અને નીતિ તે સમજીએ. સારા વિચાર માટે સારા સત્સાહિત્ય અને સત્સંગનો સાથ કેળવીએ. ધર્મ ધારણ કરવા માટે છે. મજહબ નહીં સિખાતા આપસ મેં બૈર કરના''ની ઉક્તિને ભૂલી ન શકાય!

જગતની આપાધાપી વચ્ચે પરિવારો સૌ એકમેક સાથે બેસતાં શીખે. સાથે ભોજન કરો, સાથે ભજન કરો. ભજન એટલે શાંત ચિત્તે અને શાંત-સ્વસ્થ મને બેસીને કરવામાં આવતું આત્મચિંતન. આમ થવાથી મન ઉગ્રતામાંથી બહાર આવશે. આપણે આપણા ઉપર, આપણા પરિવાર-સમાજ-રાષ્ટ્ર કે આંતરરાષ્ટ્રીય સ્તરે જો કંઇ ઠોસ અને ઉપયોગી કદમ ભરવાનું હોય તો તે (૧) આકળા-ઉતાવળા આક્રોશસભર ન થઇએ. (૨) નાની-નાની વાતોમાં ચીડચીડાપણું ડિસ્ટર્બ-પરટર્બ ન થઇ જવું, અકળાઇ ન જવું અને બેફામ ગમે તેમ માન-મર્યાદા-વિવેક-વિચાર વગરનું વર્તન અને 'બફાટ' ન કરવો. (૩) જે વસ્તુ વિષયનું અસ્તિત્વ જ નથી તેના વિષે પૂર્વગ્રહ બાંધીને નાસીપાસ ન થઇ જવું. (૪) પોતે જ શ્રેષ્ઠ છે, બાકી બધા નાલાયક અથવા તો માત્ર ભૂલો જ શોધવાની પ્રવૃત્તિ, નકારાત્મક વૃત્તિ ન રાખવી. (૫) સદ્‌ગુણોનું ચિંતન જ સદ્‌ગુણ આપશે, કોઇના પણ દુર્ગુણોનું ચિંતન દુર્ગુણ જ આપે તે સત્યને સદા યાદ રાખવું. (૬) હંમેશાં સકારાત્મક વલણ રાખવું. ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ માનસિક સંતુલન ન ખેરવવું. (૭) હંમેશાં મૃદુભાષી બનીએ સત્યમાં પ્રતિષ્ઠિત થઇએ, આત્મચિંતન કરીએ, થોડા પ્રાણાયામ, થોડું ધ્યાન અને સ્વકીય જીવનના જાગૃત પ્રહરી બનીએ તો અહીં આ જીવનયોગની સપ્તપદી પ્રત્યેક માનવથી આરંભ કરીને રાષ્ટ્ર સમૂહોનું પણ મહત્ કલ્યાણ કરી શકે છે, માટે જાગૃત થઇએ અને વિશ્વ શાંતિની ચેતનાનો સંચાર પોતાનાં જ જીવન વાણી - વર્તન - વિચાર વ્યવહારથી પ્રારંભ કરીએ.

આપ સૌનાં હૃદયમાં વિરાજિત પરમાત્માને પ્રણામ.
ૐ શાંતિ.

# શિવાનંદ આશ્રમના આગામી ઉત્સવો

- **તા. ૧૯-૩-૨૦૧૭, રવિવાર થી. તા. ૨૬-૩-૨૦૧૭ રવિવાર સુધી** 'આત્મબોધ' (શંકરાચાર્ય કૃત) પ્રવચનો
  વક્તા : પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ સમય : સાંજે ૫.૩૦ થી ૭.૦૦ સુધી
- **ચૈત્ર નવરાત્રી ઉત્સવ :** તા. ૨૮ માર્ચથી તા. ૫ એપ્રિલ શ્રી રામનવમી સુધી સમ્પન્ન થશે. દરરોજ બપોરે ૪.૩૦ થી ૭.૦૦ વાગ્યા સુધી શ્રીરામચરિતમાનસના નવાહ્ન પારાયણ ઉપરાંત શ્રી રામનવમીના પવિત્ર દિવસે શ્રી રામ પ્રાગટ્ય ઉત્સવ-અર્ચના વગેરે થશે.
- **તા. ૧૧-૪-૨૦૧૭, મંગળવાર** શ્રી હનુમાનજયંતી સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ સુધી મારુતિ યજ્ઞ.
- **તા. ૧૩-૪-૨૦૧૭ ગુરુવાર થી તા. ૧૫-૪-૨૦૧૭ શનિવાર સુધી** શ્રી રામચરિતમાનસ કથા.
  સમય : સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ અને બપોરે ૩.૩૦ થી ૬.૩૦ વાગ્યા સુધી.
  વ્યાસપીઠ પર પૂજ્યા રમાબેન હરિયાણીજી બિરાજશે.
- **તા ૨૧-૪-૨૦૧૭ થી તા. ૨૭-૪-૨૦૧૭ સુધી** શ્રીમદ્ ભાગવત કથા. સમય : દરરોજ સાંજે ૪.૩૦ થી ૮ વાગ્યા સુધી. વ્યાસપીઠ પર પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ બિરાજશે.
- **તા. ૨૮-૪-૨૦૧૭, શુક્રવાર યજ્ઞ :** સમય : સાંજે ૫.૦૦ થી ૭.૦૦ ત્યારબાદ ૭.૦૦ થી ૮.૦૦ વાગ્યે ભંડારો.
  રાતે ૮.૦૦ થી ૧૦.૦૦ સાંસ્કૃતિક કાર્યક્રમ.
- **તા. ૨૯-૪-૨૦૧૭, શનિવાર** શ્રી શ્રી અષ્ટલક્ષ્મી-આદિશક્તિપીઠનો ૧૭મો બ્રહ્મોત્સવ.
  સવારે નવચંડી યજ્ઞ : સમય ૭.૦૦ થી ૧૨.૦૦ સુધી, પ્રસાદ-ભંડારો : ૧૨.૦૦ વાગ્યે.
  રાતે ૮.૩૦ થી ૧૦.૦૦ ભક્તિ સંગીત
- **તા. ૩૦-૪-૨૦૧૭, રવિવાર :** ગુજરાત દિવ્ય જીવન સંઘનું વાર્ષિક સંમેલન.
  સમય : સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ અને બપોરે ૨.૩૦ થી ૬.૦૦ સુધી.
  (ફોર્મ આ અંકમાં આપેલ છે.)
  સાંજે : ૬.૩૦ થી ૭.૪૫ પ્રવચન ૭.૪૫ થી ૯.૩૦ ઓડિશી નૃત્ય ૯.૩૦ થી ૧૦.૦૦ મહાપ્રસાદ
- **તા. ૧-૫-૨૦૧૭, સોમવાર,** સમય : સાંજે ૬.૦૦ થી ૬.૩૦ પ્રાર્થના, ૬.૩૦ થી ૭.૩૦ પ્રવચન
  પ્રવક્તા : પૂજ્ય શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી મહારાજ (રામકૃષ્ણમઠ, વડોદરા)
  વિષય : 'તેન ત્યક્તેન ભુંજીથાઃ'
  ૭.૩૦ થી ૮.૦૦ પ્રવચન આશીર્વાદ : પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ. ત્યારબાદ પ્રસાદ
- **તા. ૨-૫-૨૦૧૭, મંગળવાર** સમય : સાંજે ૬.૦૦ થી ૬.૩૦ પ્રાર્થના, ૬.૩૦ થી ૭.૩૦ પ્રવચન
  પ્રવક્તા : પૂજ્ય શ્રી સ્વામી અસંગાનંદજી મહારાજ (હેરંજ)
  વિષય : 'કર્મણ્યે વાધિકારસ્તે'
  ૭.૩૦ થી ૮.૦૦ પ્રવચન આશીર્વાદ : પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ. ત્યારબાદ પ્રસાદ
- **તા. ૩-૫-૨૦૧૭, બુધવાર :** પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનો ૭૩મો પ્રાકટ્યોત્સવ
  કાર્યક્રમો : સવારે ૫.૩૦ થી ૧૨.૩૦ ધ્યાન, પ્રાર્થના, પાદુકાપૂજન, આયુષ્ય હોમ, દરિદ્રનારાયણ સેવા
  સાંજે : ૬.૩૦ થી ૮.૩૦ સંત સમાગમ
  રાતે : ૮.૩૦ થી ૯.૩૦ ભોજન-પ્રસાદ
  ૯.૩૦ થી ૧૨.૩૦ સાંસ્કૃતિક કાર્યક્રમ, સત્સંગ, મહાનિશાધ્યાન અને આરતી-પ્રસાદ
- **તા. ૨૯-૫-૨૦૧૭ સોમવારથી તા. ૭-૬-૨૦૧૭ બુધવાર સુધી** ૭૮૭મો યોગાસન, પ્રાણાયામ અને ધ્યાન શિબિર (ભાગ લેનારા મુમુક્ષુઓએ આગળથી નામ નોંધાવવું જરૂરી છે.)

## ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, ઇસરોની સામે, સેટેલાઇટ રોડ, શિવાનંદ માર્ગ, જોધપુર ટેકરી, અમદાવાદ-૩૮૦૦૧૫

તા. ૧૪-૩-૨૦૧૭

**પરિપત્ર ૧ : સંમેલન**

દિવ્ય આત્મન્,

જય શિવાનંદ, કુશળ હશો.

દર વર્ષની જેમ **તા. ૩૦ એપ્રિલ, ૨૦૧૭**ના રોજ આપણા સંઘની ગુજરાતમાં આવેલી શાખાઓના પ્રતિનિધિઓનું પ્રદેશ સંમેલન યોજાનાર છે, જેમાં શિવાનંદ પરિવારના તમામ પરિજનોનું સ્વાગત છે.

આ વર્ષના સંમેલનની વિશેષતા એ છે કે અલગ વિષયો આધારિત સત્રમાં વક્તા તરીકે **શ્રી કેશવ કુમાર** (IPS), **શ્રી શિરીષ કુલકર્ણી** (કુલપતિ : સરદાર વલ્લભભાઇ યુનિવર્સિટી, વિદ્યાનગર), **શ્રી પંકજ જાની** (કુલપતિ : ડો. આંબેડકર યુનિવર્સિટી), **પદ્મશ્રી શ્રી કુમારપાળ દેસાઇ** આમંત્રિત છે. આ સંદર્ભમાં વિસ્તૃત વિગતો જેવી કે સત્રનો સમય - વક્તાનો વિષય આ 'દિવ્ય જીવન'ના અંકમાં જોવા મળશે.

આ જ દિવસે સાંજે ૬.૪૫ કલાકે **ડૉ. અનિલ સૂચક** (અધ્યક્ષ : દિવ્ય જીવન સંઘ, મલાડ, મુંબઇ) "મારી દિવ્ય જીવનની યાત્રા અને અંગદાનની મહત્ત્વતા" વિષય ઉપર વ્યાખ્યા આપનાર છે. ત્યારબાદ ઓડિશી નૃત્યો થશે.

સંમેલનમાં પ્રતિનિધિ તરીકે ભાગ લેનાર ભક્તો માટેની આવશ્યક સૂચનાઓ આ પરિપત્રની પાછળ આપવામાં આવી છે. આ સંમેલનમાં વધુમાં વધુ પ્રતિનિધિઓ દરેક શાખામાંથી આવે, વક્તાઓના જ્ઞાનનો લાભ લે તેવી અપેક્ષા છે. આપની ઉપસ્થિતિ ગુજરાતમાં દિવ્ય જીવન સંઘની પ્રવૃત્તિઓને દૃઢિભૂત કરવામાં ઉપયોગી બની રહેશે

| | |
|---|---|
| **અરુણ ઓઝા** | **યજ્ઞેશ દેસાઇ** |
| ટ્રસ્ટી-સંમેલન સંયોજક | મહામંત્રી |

નોંધ :- આ પાનાની ઝેરોક્ષ કરાવી દરેક પ્રતિનિધિ દીઠ પત્રક ભરી ૨૦ એપ્રિલ પહેલા મોકલી આપવું.

---

### પ્રતિનિધિ નોંધણીપત્રક

**નામ :** .................................................... **ઉંમર વર્ષ :** ..............................

**સરનામું (પિનકોડ નં. ખાસ લખવો)** ....................................................

....................................................

**ઇ-મેઇલ :** .................................................... **ટેલિ. નં.** ..............................

**વ્યવસાય :** .................................................... **શૈક્ષણિક લાયકાત :** ..............................

**રુચિનો વિષય** ....................................................

કેટલા વર્ષથી દિવ્ય જીવન સંઘ કે તેની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ છો? ....................................................

કઇ પ્રવૃત્તિઓમાં સેવા આપી શકો તેમ છો? ....................................................

વિશેષ ઉલ્લેખનીય આપ સંદર્ભની માહિતી : ....................................................

સ્થળ : ..........................

તારીખ : .......................... સહી : ..................

**પ્રવાસની વિગતો**

આગમનની તારીખ : ...................... સમય : ................

પ્રસ્થાનની તારીખ : ...................... સમય : ................

**સંમેલનમાં ભાગ લેનાર પ્રતિનિધિઓ માટે આવશ્યક સૂચનાઓ :**

(૧) પ્રતિનિધિઓએ તા. ૨૯-૪-૨૦૧૭ના રોજ રાત્રે ૮ વાગ્યા પહેલાં શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે પહોંચવાનું રહેશે, જે પ્રતિનિધિઓ અનિવાર્ય કારણસર તા. ૨૯-૪-૨૦૧૭ના રોજ ન આવી શકે તેમ હોય તો પૂર્વ સૂચના આપી તા. ૩૦-૪-૨૦૧૭ના રોજ સવારે ૮ વાગ્યા પહેલાં પહોંચવાનું રહેશે.

(૨) સંમેલનના દરેક સભ્યએ દરેક સત્રમાં હાજરી આપી ભાગ લેવો અત્યંત આવશ્યક છે.

(૩) બહારગામથી આવનાર ભક્તો માટે શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે રહેવાની તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે, માટે પૂર્વ નોંધણી પરિપત્રના નીચેના ભાગનું ફોર્મ ભરી કરાવવી આવશ્યક છે. ફોર્મ તા. ૨૦-૪-૨૦૧૭ પહેલાં શિવાનંદ આશ્રમના કાર્યાલયમાં પરત મળે તે રીતે મોકલવાનું રહેશે. ઓળખ પત્ર અસલ બતાવી નકલ કાર્યાલયમાં આપવા સાથે રાખવી.

(૪) પ્રતિનિધિ તરીકે ભાગ લેનાર ભાઈઓ તથા બહેનોએ શિવાનંદ આશ્રમની ગરિમાને અનુરૂપ વસ્ત્રો પહેરવાં.

(૫) કોઈ કીમતી વસ્તુઓ સાથે લાવવી નહીં. ફક્ત જરૂરિયાત પૂરતાં જ કપડાં, ટુવાલ, સાબુ, તેલ, જરૂરી હોય તેવી દવાઓ તથા અન્ય જરૂરી વસ્તુઓ જ લાવવી. નિજી આગવી વસ્તુઓ તથા કીમતી વસ્તુઓની સંપૂર્ણ જવાબદારી માત્ર પ્રતિનિધિઓની રહેશે.

(૬) સંમેલનનાં સત્ર દરમ્યાન મોબાઈલ, આઈપેડ તથા અન્ય ઇલેક્ટ્રોનિક સાધનો અવાજ કરી ખલેલ ન પહોંચાડે તે રીતે રાખવાં. પ્રવચનોની નોંધ રાખવા નોટબુક-પેન અવશ્ય સાથે રાખવાં.

(૭) અમદાવાદના પ્રતિનિધિઓએ તા. ૩૦-૪-૨૦૧૭ના રોજ સવારે ૮ વાગ્યા પહેલાં સંમેલન સ્થળે આવી જવું, કારણ કે નિવાસની વ્યવસ્થા બહારગામના પ્રતિનિધિઓ માટે જ કરેલ છે.

## ગુજરાત દિવ્ય જીવન સંઘનું વાર્ષિક સંમેલન, શિવાનંદ આશ્રમ, અમદાવાદ

### તા. ૩૦-૪-૨૦૧૭, રવિવાર

| | |
|---|---|
| સવારે ૮.૦૦ વાગ્યે | આગમન, જલપાન, રજીસ્ટ્રેશન |
| સવારે ૯.૦૦ થી ૯.૩૦ | જય ગણેશ પ્રાર્થના અને સ્વાગત (શ્રી અરુણ ઓઝા દ્વારા) |
| સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ | પ્રવચન : જાહેર વહીવટમાં માનવતા<br>Human Elements in Public Administration<br>પ્રવક્તા : શ્રી કેશવ કુમાર, (IPS) |
| સવારે ૧૦.૩૦ થી ૧૦.૪૫ | ભક્તિ સંગીત |
| સવારે ૧૦.૪૫ થી ૧૧.૪૫ | પ્રવચન : પ્રબુદ્ધ જીવન<br>Life Enrichment<br>પ્રવક્તા : શ્રી શિરીષ કુલકર્ણી (ઉપકુલપતિ : સરદાર વલ્લભભાઇ યુનિવર્સિટી, વિદ્યાનગર) |
| સવારે ૧૧.૪૫ થી ૧૨.૦૦ | મધ્યાહ્ન ધ્યાન |
| બપોરે ૧૨.૦૦ થી ૨.૩૦ | પ્રસાદ અને વિરામ |
| બપોરે ૨.૩૦ થી ૩.૦૦ | શ્રી વિષ્ણુસહસ્રનામ - સામૂહિક પાઠ |
| બપોરે ૩.૦૦ થી ૩.૩૦ | શ્રી અરુણ ઓઝા (પ્રાસંગિક) |
| બપોરે ૩.૩૦ થી ૪.૩૦ | શ્રી પંકજ જાની (ઉપકુલપતિ : ડો. આંબેડકર યુનિવર્સિટી)<br>વિષય : આધુનિક માનવી શાંતિની શોધમાં. |
| બપોરે ૪.૩૦ થી ૪.૪૫ | જલપાન |
| સાંજે ૪.૪૫ થી ૫.૪૫ | પ્રવચન : પદ્મશ્રી શ્રી કુમારપાળ દેસાઇ<br>જીવન મહેક-સકારાત્મક ચિંતન |
| સાંજે ૫.૪૫ થી ૬.૦૦ | ધ્યાન અને પ્રાર્થના |
| સાંજે ૬.૩૦ થી ૬.૪૫ | પ્રાર્થના |
| સાંજે ૬.૪૫ થી ૭.૪૫ | ડો. અનિલ સૂચક (અધ્યક્ષ : દિવ્ય જીવન સંઘ, મલાડ, મુંબઇ)<br>મારી દિવ્ય જીવનની યાત્રા અને અંગદાનની મહત્ત્વતા My journey of the divine life and organ donation awareness |
| રાત્રે ૭.૪૫ થી ૯.૩૦ | ઓડિશી નૃત્ય, સુપ્રભા મિશ્ર (ઓમ આર્ટ દ્વારા) |
| રાત્રે ૯.૩૦ થી ૧૦.૦૦ | મહાપ્રસાદ |

**( સાચો વૈરાગ્ય પાના નં. ૧૦ ઉપરથી ચાલુ)**

પ્રત્યે તીવ્ર અનાસક્તિ. જ્યારે કોઈ બ્રહ્મની સ્થિતિ અને સુખને ભુંડનાં છાણ તુલ્ય ગણે ત્યારે જ સમજાય કે તેનામાં સાચો અને શાશ્વત વૈરાગ્ય પેદા થયો છે. ક્ષણિક અને ક્ષુલ્લક અનાસક્તિ એ સાચો વૈરાગ્ય નથી. તે સાધકને આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરવામાં મદદગાર થશે નહિ.

કોઈક કારણસર અમુક ખાસ પદાર્થો માટે અનાસક્તિ હોવી એ આજકાલ સામાન્ય છે; પરંતુ હંમેશ માટે અને બધા જ પદાર્થો માટે અનાસક્તિ હોય તો સાધકને આત્માનું જ્ઞાન પ્રાપ્ત થશે. ગુરુકૃપાથી તેમના પ્રત્યેની ભક્તિથી અને તેમના ઉપદેશ પ્રમાણે આચરણ કરવાથી તમે સહેલાઈથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકશો.

તમે શહેરની ઉચ્ચ સોસાયટીઓમાં સુંદર અને શરણગારેલી ફેશનેબલ યુવતીઓ વચ્ચે ફરતા હોવા છતાં પણ મોહના શિકાર ન થઈ પડો તે જોજો. આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરવાનો સંકલ્પ કરો. તમોગુણ આપોઆપ જ અદશ્ય બની જશે.

ભક્તિ, વૈરાગ્ય અને આત્મજ્ઞાન એ મુક્તિ અથવા મોક્ષનાં ત્રણ સાધન છે. વૈરાગ્ય એટલે કોઈ પણ પ્રકારની કામનારહિતપણું.

☐ 'સાધના'માંથી સાભાર


**દિવ્ય જીવન**

**પત્રિકાની માલિકી અને અન્ય બાબતોનું વિવરણ**

**ફોર્મ-૪**

**(નિયમ - ૮ મુજબ)**

(૧) પ્રકાશનનું સ્થળ : ગુજરાત દિવ્ય જીવન સંઘ શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.

(૨) પ્રકાશન તારીખ : દરેક માસની ચોથી તારીખ

(૩) પ્રકાશકનું નામ : અરુણ દેવેન્દ્ર ઓઝા
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ગુજરાત દિવ્ય જીવન સંઘ, શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪

(૪) મુદ્રકનું નામ : અરુણ દેવેન્દ્ર ઓઝા
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ગુજરાત દિવ્ય જીવન સંઘ, શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.

(૫) પ્રિન્ટિંગ પ્રેસ : પ્રિન્ટ વિઝન પ્રા. લિ.
સરનામું : પ્રિન્ટ વિઝન હાઉસ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬

(૬) તંત્રીનું નામ : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.


(૭) પત્રિકાની માલિકી : ગુજરાત દિવ્ય જીવન સંઘ, (ટ્રસ્ટ) શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.

હું અરુણ દેવેન્દ્ર ઓઝા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી માન્યતા અને જાણકારી મુજબ ખરી છે.

- અરુણ દેવેન્દ્ર ઓઝા

તા. ૦૪-૦૩-૨૦૧૭


## પછાત વિસ્તારના ગરીબ વિદ્યાર્થીઓ માટે વિનમ્ર અપીલ



દર વર્ષની જેમ આગામી જૂનથી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે ૧,૨૫,૦૦૦ નોટબુક અને ૫૦,૦૦૦ ચોપડીની માગ આવેલ છે. નોટબુક વિનામૂલ્યે અંતરિયાળ પછાત વિસ્તારના ગરીબ-વનવાસી વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. ૨૦૧૬-૧૭ પૂજ્ય સ્વામી ચિદાનંદજીના દિવ્ય દશકના ઉપલક્ષ્યમાં મુખપૃષ્ઠ ઉપર સ્વામીજીના રંગીન છાયાચિત્ર સાથે તેઓશ્રીના ગુરુ પૂ. સ્વામી શિવાનંદજીના પણ આશીર્વાદ છાયાચિત્ર સાથે અંકિત કરવામાં આવશે. ભારતીય સંસ્કૃતિનાં માનવ જીવનની ઉત્ક્રાંતિમાં અમૂલ્ય વારસાને ઉજાગર કરતો પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીના વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક સંદેશ ઉપરાંત સૂર્યનમસ્કારની બાર સ્થિતિ, શ્રી સરસ્વતી મંત્ર, વિશ્વપ્રાર્થના, શ્રી મહામૃત્યુંજય મંત્ર અર્થ સાથે આપવામાં આવશે. 'Song of Eighteen Itles' પ્રાર્થનાઓ, ધ્યાન-પ્રાણાયામ અને યોગના લાભ અને આવશ્યક સૂચનાઓ અને મહાપુરુષોના પ્રેરણાદાયી સંદેશાઓ પ્રસિદ્ધ કરવામાં આવશે. આવી સેવાભાવી પ્રવૃત્તિ માટે આર્થિક સહયોગ આવકાર્ય છે.

આપનું અમૂલ્ય યોગદાન "ગુજરાત દિવ્ય જીવન સંઘ" નામના ચેક અથવા બેન્ક ડ્રાફ્ટ દ્વારા, અધ્યક્ષ, ગુજરાત દિવ્ય જીવન સંઘ, શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, અમદાવાદ - ૩૮૦૦૧૫, ગુજરાતના સરનામે મોકલવા પ્રાર્થના. ગુજરાત દિવ્ય જીવન સંઘને આપવામાં આવતું દાન ભારત સરકારના ઈન્કમટેક્ષ અન્વયે ૮૦-G ને પાત્ર છે.

# અનુકૂળ બનવાનું શી રીતે શીખવું

- શ્રી સ્વામી જ્યોતિર્મયાનંદજી

આ જગત સાપેક્ષ અસ્તિત્વનું જગત છે. જીવનની દરેક પરિસ્થિતિ અલ્પકાલીન છે. સંજોગો ગમે તેટલા સાનુકૂળ હોય તો પણ તેમાં કંઈક ખૂટતું હશે - એવું કંઈક કે જેના પ્રત્યે મનુષ્યએ સહિષ્ણુતા, ધીરજ અને અનુકૂળ થવા માટેની કળાનો વિકાસ કરવો આવશ્યક છે.

તમે ગમે ત્યાં જાવ, દુનિયા પાંચ તત્ત્વોની જ બનેલી છે. તેનાં બધાં જ પરિવર્તનો કે ભેદ છતાં પણ તે કદી જીવાત્માની લાલસાને પૂર્ણ કરી શકે નહીં. જીવાત્મા શાન્તિ, સ્વર્ગીય સુખ અને જ્ઞાનનો ભૂખ્યો છે. આ કદી દુનિયામાં મળી શકતાં નથી.

આથી જીવનની વિવિધ પરિસ્થિતિઓને સમજવાનું, તેને અનુકૂળ થવાનું અને તેના પ્રત્યે સહિષ્ણુ બનવાનું મહત્ત્વનું છે.

સાધકે તિતિક્ષા (સહિષ્ણુતા)નો ગુણ કેળવવો જોઈએ, છતાં પણ, સહિષ્ણુતાના અભ્યાસમાં રહેલી કઠોરતાને અનુકૂળ થવાની કળા વિલીન કરે છે અને જાદુઈ સ્પર્શથી મીઠાશ ભરી દે છે.

**અનુકૂળતા માટેના વિવિધ દૃષ્ટિકોણ**

તમારે તમારા શરીરની સ્થિતિની સાથે ઉંમર વધવાની પ્રક્રિયા સાથે સમાધાન કરવું જ જોઈએ. તમારે સમાજ અને દુનિયાની ફેરફારની પ્રક્રિયાને પણ અનુકૂળ થવું જ પડે. મનના બદલાતા મૂલ્યને અનુકૂળ થવું પણ જરૂરી છે. અનુકૂળતા સાધવાની કળા એ ઉત્ક્રાન્તિની પ્રક્રિયાની ચાવી છે. બાહ્ય ઉત્ક્રાન્તિનાં પ્રોત્સાહન માટે જીવ-શાસ્ત્ર પણ જુદી જુદી શરતોનું સમાધાન સ્વીકારે છે. આધ્યાત્મિકતાના પથ પર તો અનુકૂળ થવા-સમાધાન કરવાની એથી પણ વધુ જરૂર છે.

જગત એ ક્ષણિક વિકાસનું ચિહ્ન છે. રેલગાડી કે આગબોટના પ્રવાસીઓની માફક લોકોનો એકબીજા સાથેનો સંબંધ અલ્પકાલીન હોય છે. તેથી એ બધું જ ચાલ્યું જવાનું છે એમ જાણીને માનવીએ જિંદગીની બદલાતી પરિસ્થિતિને અનુકૂળ થવાનું શીખવું જ જોઈએ; ભિન્ન ટેવો, ભિન્ન સ્વાદ અને સ્વભાવવાળા લોકોની સાથે અનુકૂળ બનવાની કળા પણ શીખવી જોઈએ.

રાજયોગના સિદ્ધાંત મુજબ, જેઓએ ઉત્ક્રાન્તિના માર્ગમાં વધુ પ્રગતિ કરી હોય - તેમની પ્રત્યે બીજા મહાન પુરુષો કે જેને આધ્યાત્મિક સફળતા, આબાદી અને કીર્તિ વડે યુક્ત હોય - તેમની સાથે યોગીએ આનંદપ્રદ વર્તન રાખવું જોઈએ. તેણે મહાન પુરુષોમાં પોતાની જાતને ખુલ્લી થતી નિહાળવી જોઈએ. આમ, તેણે ખુદ પોતાની આંતરિક ઉપલબ્ધિઓનો દૃઢ વિકાસ કરવો જોઈએ.

પોતાની સમકક્ષ વિકાસના સ્તર પરના તમામ લોકો સાથે તેણે મિત્રતાભર્યો વ્યવહાર કેળવવો જોઈએ. બીજાઓના માર્ગમાંના અવરોધો દૂર કરવા તેણે સહકાર આપતાં શીખવું જોઈએ કે જેથી તેની મુશ્કેલીઓ પણ સંઘ-શક્તિ વડે દૂર થશે. તેણે પોતાના જીવનને દ્વેષની વૃદ્ધિ, કડવાશ અને ધિક્કારથી ભરી ન દેવી જોઈએ. આધ્યાત્મિક પ્રવૃત્તિ કંઈ ધંધાકીય હરીફાઈની વૃત્તિ પ્રત્યે દુર્લક્ષ સેવતી નથી; ઊલટાનું ઉદારતાની વૃદ્ધિ તથા દિલની દિલાવરીથી એનાં લક્ષણો દૃષ્ટિગોચર થાય છે.

વધુમાં તેણે (યોગીએ) પોતાનાથી નીચેના વિકાસ સ્તર પરના સાધકો પ્રત્યે સહાનુભૂતિ કેળવવી જોઈએ. જે લોકો તેના જૂના દિવસોની નબળાઈ, શરમિંદગી અને બે-શરમી વિષે ટકોર કરે તેમની સાથે તેણે ક્રૂર વ્યવહાર ન કરવો જોઈએ. 'ગુરુતા ગ્રંથિ'ના આકર્ષણથી પર જઈને તેણે ઉત્ક્રાન્તિની સીડીના ઉતરતા સ્તર પર સંઘર્ષ કરતા લોકો પ્રત્યે પણ સહાનુભૂતિ કેળવવી જોઈએ;

પરંતુ જેઓ તદ્દન નિર્લજ્જ અને ગુનાહીતવૃત્તિવાળા હોય તેના પ્રત્યે ઉપેક્ષા અથવા તો

ઉદાસીનતા રાખવી જોઈએ. આવા લોકોનાં નિષેધાત્મક લક્ષણોની પ્રતિક્રિયાથી આવાં લક્ષણોને ઉત્તેજન મળે છે.

પરંતુ જો મન ''આ લોકો આધ્યાત્મિક રીતે બીમાર છે અને તેથી તેઓ શું કરવા જઈ રહ્યા છે તેનું તેમને ભાન નથી'' એવી દૃષ્ટિથી કોઈ પ્રતિક્રિયા ન આપે તો વ્યક્તિને શક્તિ અને ડહાપણ પ્રાપ્ત થાય છે.

અનુકૂળ થવાની યોગ્યતા અન્યના દિવ્ય ગુણોને પ્રકાશમાં લાવે છે.

બીજાઓમાં રહેલ શ્રેષ્ઠ ગુણોને બહાર લાવવા માટે રોજિંદા જીવનમાં જુદી જુદી વ્યક્તિઓ સાથે અનુકૂળ બનવું એ એક કળા છે અને તે યોગ દ્વારા આત્મસાત્ કરવી જોઈએ.

લોકોની સાથે તેમના મિજાજની સાથે અનુકૂલન સાધવાથી તેમને તમારા ઉચ્ચ આદર્શો અને સમજણ વિષે માહિતગાર કરી શકશો. પરંતુ જો તમે તમારા જ વ્યક્તિત્વમાં અક્કડ રહો તો તમને જણાશે કે તમારા વ્યક્તિત્વના ક્ષીણ થઈ ગયેલા ખડકની ચોમેર કડવાશનો સમુદ્ર ધસમસી રહ્યો છે. તમે એ કડવાશમાં ઘડીકમાં ગરકાવ થઈ જશો.

રમૂજના રાજા બાદશાહ અકબર અને બીરબલના સંદર્ભમાં એક દૃષ્ટાંત કથા છે. એક વખત બાદશાહ અકબર પોતે ખાણામાં લીધેલ એક સુંદર શાક વિષે ખૂબ પ્રશંસા કરી રહ્યા હતા ત્યારે બીરબલે તેમને કહ્યું, ''એ ખરેખર શાહી વનસ્પતિ છે, તેથી ઈશ્વરે તેના માથા ફરતું હીરાજડેલું પડ ચડાવ્યું છે.'' પછી અકબરે તુર્ત જ એ વનસ્પતિના વિષે ફરિયાદ કરી અને કહ્યું કે પચવા માટે એ ઘણું જ ભારે છે. બીરબલે તુરત જ હાજર જવાબ આપ્યો, ''ચોક્કસ. એ સહુથી ખરાબ શાક છે. તેથી જ અલ્લાએ તેના માથામાં કાંટાળા ખીલાઓ ખોસ્યા છે !'' અકબરે આનાથી આશ્ચર્ય પામી બીરબલને પૂછ્યું, ''હવે તમે આ વિષે જુદો મત કેમ પ્રદર્શીત કરો છો ?'' બીરબલે કહ્યું, ''કારણ કે હે જહાંપનાહ! હું તમારો ગુલામ છું, એ વનસ્પતિનો ગુલામ નથી !'' વાણી દ્વારા અનુકૂળતા સાધવાની કળાને આ દૃષ્ટાંત કથામાં સુંદર રીતે કહેવાઈ છે.

તમે કોઈ પણ મર્યાદા અથવા તો મનુષ્યના તરંગોના ગુલામ નથી. તેથી લોકો પ્રત્યે વિનમ્ર અને સમાધાનકારી વલણ રાખવાથી તેમના અંતરાત્માની મહાન સેવા કરવા માટે તમે શક્તિમાન થઈ શકશો. ખરેખર તો તમે ઈશ્વરના ગુલામ છો; તે પ્રાણીમાત્રમાં વ્યાપ્ત છે.

તેમ છતાં પણ, બીજાઓના દુર્ગણોને તાબે થવાની રીતને તમારે 'અનુકૂળતા સાધવાની કળા' તરીકે ઓળખાવવી ન જોઈએ. કદી પણ માનવમાં રહેલા રાક્ષસને અનુકૂળ ન બનો - એ ફક્ત તેના દાનવપણાના વિકાસને જ ઉત્તેજન આપશે. અનુકૂળતા કેળવવાની કળા વિષેની ગેરસમજણના લીધે કદી કુસંગનો સાથ કરો નહીં.

તમારા સંજોગો અને પરિસ્થિતિઓ વિષે ફરિયાદ ન કરો. વિપુલ પ્રમાણમાં અનુકૂલનની કળાનો વિકાસ કરો. તમને વરુઓનાં ટોળાં વચ્ચે ફેંકી દેવામાં આવેલ હોય તો પણ તમારી અનુકૂળતા કેળવવાની કળાથી હસ્તગત થયેલી સમજણ અને શક્તિ દ્વારા તેને 'અંકુશમાં રહેલ વહાણ'' તરીકે બદલી નાખવાં જોઈએ.

**એકતાના વૈશ્વિક સત્યને અનુકૂળ બનો**

તમારી કરોડરજ્જુની સ્થિતિસ્થાપકતા 'વૈશ્વિક પ્રાણ' સાથે એકરૂપ થવા તમને યોગ્ય બનાવે છે. તમારા અહમ્‌ની વિનમ્રતા વૈશ્વિક મન સાથે એકાકાર થવાની ક્ષમતા આપે છે. ઈશ્વરની શરણાગતિ વૈશ્વિક સંવાદિતા સાથે ધબકવાની શક્તિ આપે છે. તમે અસ્તિત્વના અદ્વૈતના સત્યને અનુરૂપ થવા માટે જન્મ્યા છો. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોના અભ્યાસ વેળાએ ગીતાના મત પ્રમાણે તમે વૈશ્વિક જીવનના સત્યને સ્વીકારો છો. તેથી તમારે વૈશ્વિક જીવનના સત્યને અનુરૂપ બનવા અહિંસાનો સદ્‌ગુણ, વિશ્વ-પ્રેમ, ઈશ્વર-શરણાગતિ, દૈવી ગતિમાં અખૂટ વિશ્વાસ અને માનવજાતની સેવા માટે આત્મ-સમર્પણની ભાવના કેળવવી જોઈએ.

☐ 'રચનાત્મક વિચારશૈલી'માંથી સાભાર

# તેન ત્યક્તેન ભુંજીથાઃ ૨

- શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી

અત્યારે પણ ભારતની કુલ વસ્તીના ૪૦ ટકા લોકો ગરીબીની રેખાની નીચે જીવી રહ્યા છે એટલે કે એમની પ્રાથમિક જરૂરિયાત પણ પૂરી સંતોષાતી નથી. લાખો લોકોને બે ટંક ભરપેટ ખાવાનું પણ મળતું નથી ત્યારે બીજી બાજુ શ્રીમંતોને ત્યાં નાણાં ક્યાં વાપરવાં એ સમસ્યા છે. જ્યાં સુધી આ પરિસ્થિતિ હલ ન થાય ત્યાં સુધી કોઈ પણ સમાજ કે દેશમાં સાચાં સુખ-શાંતિ સ્થાપી શકાય જ નહીં. આજથી એકસો દશ વર્ષ પહેલાં સ્વામી વિવેકાનંદે જે કહ્યું હતું તે આજે પણ એટલું જ પ્રસ્તુત છે. એક પત્રમાં તેમણે લખ્યું હતું, 'આ બધા વિચારોના લીધે, ખાસ કરીને દેશની ગરીબી અને અજ્ઞાનના વિચારોના લીધે મને આખી રાત ઊંઘ ન આવી. કન્યાકુમારીમાં ખડકની એક શિલા ઉપર બેસીને મેં એક યોજના ઘડી કાઢી. અમે આટલા બધા સંન્યાસીઓ ભ્રમણ કર્યા કરીએ અને લોકોને ધર્મોપદેશ આપ્યા કરીએ એ કેવળ ગાંડપણ છે. શું આપણા ગુરુદેવ નહોતા કહેતા કે 'ભૂખ્યા પેટે ધર્મ આચરી શકાય નહીં. પેલા દરિદ્ર લોકો પશુ જેવું જીવન જીવી રહ્યા છે. એનું કારણ કેવળ અજ્ઞાન છે. આપણે યુગોથી તેમનું શોષણ કરતા આવ્યા છીએ. તેમને પગતળે કચડતા આવ્યા છીએ.' આ દરિદ્રતાને દૂર કરવા માટે શ્રીમંતોએ ત્યાગ અને સેવાનો આદર્શ અપનાવવો જોઈએ. એ વાત સ્વામીજીએ ભારપૂર્વક જણાવી છે. ભારતીયોના આત્માને ઢંઢોળતાં તેમણે કહ્યું હતું, 'તું ભૂલતો નહિ કે તારો ઉપાસ્યદેવ મહાન, તપસ્વીઓનો તપસ્વી, સર્વસ્વ ત્યાગી ઉમાપતિ શંકર છે; તું ભૂલતો નહિ કે તારું લગ્ન, તારી સંપત્તિ, તારું જીવન ઈન્દ્રિયોના ભોગવિલાસ માટે નથી, તારા વ્યક્તિગત અંગત સુખ માટે નથી; તું ભૂલતો નહીં કે તારો જન્મ જગદંબાની વેદી પર બલિદાન થવા માટે થયો છે. ભૂલતો નહીં કે હલકી ગણાતી જાતિઓ, અજ્ઞાન, રંક-અભણ, ચમાર કે મહેતર આ બધાં તારાં નજીકનાં સગાંઓ છે.' આમ સ્વામી વિવેકાનંદે દરિદ્રનારાયણની સેવા કરવાનો અનુરોધ કર્યો. પછી મહાત્મા ગાંધીજીએ સંપત્તિ દ્વારા સેવા કરવા એ સમયના મોટા ઉદ્યોગપતિઓ બિરલા, બજાજ વગેરેને અનુરોધ કર્યો અને ટ્રસ્ટીશિપ મેનેજમેન્ટે સિદ્ધાંતને વ્યવહારમાં ફરીથી અમલી બનાવ્યો.

આજે વિશ્વના સહુથી વધુ ધનાઢ્યોમાંના એક માઈક્રોસોફ્ટ કંપનીના ચેરમેન બિલ ગેટ્સે પોતાની સઘળી સંપત્તિ ગરીબોના કલ્યાણ માટે દાનમાં આપી દેવાની જાહેરાત કરી છે. આ દાનની પ્રેરણા તેમને ભારતમાં આવ્યા પછી થઈ હતી. તેઓ દરરોજ રાત્રે સૂતાં પહેલાં સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો વાંચે છે તેમ તેમણે વર્તમાનપત્રોમાં જણાવ્યું હતું. સંપત્તિ દ્વારા જનકલ્યાણની ભાવનાનો ઉદય આ પુસ્તકોનાં વાચન પછી તેમનામાં થયો હશે એમ કહી શકાય.

સામ્યવાદ ઉપર આધારિત અર્થતંત્ર કેટલું પાંગળું છે અને તેમાં સામાન્ય પ્રજા કેટલી દુઃખી હોય છે તે રશિયાની નિષ્ફળતાએ પુરવાર કરી આપ્યું છે તો બીજી તરફ મૂડીવાદ ઉપર આધારિત મેનેજમેન્ટ પણ નિષ્ફળ થતું જાય છે. તાજેતરમાં મેનેજમેન્ટના અમેરિકાના સુવિખ્યાત સલાહકાર પીટર ડ્રકરે એક લેખ લખ્યો છે કે 'શું મૂડીવાદનો અંત આવશે ?' મૂડીવાદના રાક્ષસે અત્યારે ભલભલા ઉદ્યોગોને મંદીની ગર્તામાં ધકેલી દીધા છે. વિકસિત દેશોને પણ હવે બેકારીનો પ્રશ્ન મૂંઝવી રહ્યો છે. એટલે હવે વિશ્વના દેશો ઉદ્યોગોની સમસ્યા કાયમી ધોરણે હલ કરવા માટે ભારતીય મેનેજમેન્ટ તરફ વળ્યા છે. પહેલી ઓગસ્ટ'૯૯ના 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં લેખ આવ્યો હતો, જેમાં લખ્યું હતું કે સમગ્ર વિશ્વમાં વૈદિક મેનેજમેન્ટ એક નવો મંત્ર બની ગયો છે. મેનેજમેન્ટમાં ભારતીય મેનેજમેન્ટને 'ફોર્થવેવ' કહેવામાં આવે છે, જેમાં પ્રથમ મોજું હતું બ્રિટીશ મેનેજમેન્ટનું. બીજું મોજું આવ્યું અમેરિકન મેનેજમેન્ટનું, ત્રીજું મોજું આવ્યું જાપાનીઝ મેનેજમેન્ટનું અને હવે જે છેલ્લે ચોથું મોજું આવ્યું છે તે છે, ભારતીય મેનેજમેન્ટનું - વૈદિક

મેનેજમેન્ટનું. બાકીનાં બધાં મેનેજમેન્ટમાં પૈસો તો મળે જ છે, પણ શાંતિ મળતી નથી, પરંતુ હવે લોકો એવી કાર્યપ્રણાલી ઈચ્છે છે, જેમાં શાંતિ અને સમૃદ્ધિ બંને મળે અને તે માત્ર ભારતીય મેનેજન્ટમાં જ મળે છે. આથી અમેરિકાની ઘણી મોટી કંપનીઓ હવે ભારતીય મેનેજમેન્ટ તરફ વળી છે.

આપણો પ્રાચીન આદર્શ છે ત્યાગીને ભોગવી જાણો. એમાં ઉપભોગનો નિષેધ નથી, પણ સાથે સાથે અન્યને માટે ત્યાગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ આધ્યાત્મિકતાના પાયા ઉપર રચાયેલો ટ્રસ્ટશિપ મેનેજમેન્ટનો સિદ્ધાંત હવે વિશ્વના દેશોએ અપનાવ્યા વગર છૂટકો જ નથી કેમ કે આ એકમાત્ર સિદ્ધાંત એવો છે જે સાર્વત્રિક સમૃદ્ધિનો સિદ્ધાંત છે, જેમાં માલિકો અને મજૂરો વચ્ચે કોઈ ભેદ નથી. તેથી ઉત્પાદનની કોઈ સમસ્યા ઉદ્ભવતી નથી. ધનની અસમાન વહેંચણી અને તેનાથી સર્જાતાં દૂષણો ઊભાં થતાં નથી. પરિણામે ઉત્પાદનની વૃદ્ધિ થતી રહે છે. તેથી સર્વની સમૃદ્ધિ વધતી રહે છે. આ સમૃદ્ધિમાં ફક્ત માલિકોનો હિસ્સો સમાજનો હિસ્સો હોય, એવા સમાજમાં કોઈ ભૂખ્યું-દુખ્યું નહીં હોય, 'સર્વેઽત્ર સુખિનઃસન્તુ'ની ભાવના સાકાર બનતી હશે, એ સાચો દૈવી સમાજવાદ હશે. એની જ્યારે પૂર્ણ સ્થાપના થશે ત્યારે ભારતના ઋષિઓનું દર્શન 'વસુધૈવ કુટુમ્બકમ્' કે 'યત્ર વિશ્વં ભવત્યેકનીડમ્' -સાકાર બનશે.

**જે સહે તે રહે**

રોજ સવારે વર્તમાનપત્ર ઉપર નજર નાખતાં બે-ચાર કિસ્સાઓ તો એવા હોય છે કે પિતાએ ઠપકો આપતાં પુત્રે કરેલી આત્મહત્યા, પરીક્ષામાં નાપાસ થતાં અગાશીએથી પડતું મૂકીને મૃત્યુ પામેલી બારમા ધોરણની વિદ્યાર્થિની, ધંધામાં ખોટ જતાં વેપારીએ હોટલમાં કરેલો આપઘાત, ગરીબી સહન ન થતાં ત્રણ બાળકો અને પત્નીને રઝળતાં મૂકીને ટ્રેનની નીચે પડતું મૂકી મરી ગયેલો યુવાન - આવા તો રોજરોજ અનેક સમાચારો મળતા રહે છે. આવું કેમ બને છે ? શું મુશ્કેલીઓ એટલી બધી હોય છે કે જેનાથી માણસને મરવું પડે ?

ખરેખર મુશ્કેલીઓ એટલી વિકટ હોતી નથી જેટલી તેને માનવામાં આવે છે, કેમ કે મુશ્કેલીઓને સહન કરી શકે તેવી મનની સ્થિતિ ન હોવાથી નાની એવી મુશ્કેલી પણ વ્યક્તિને ખૂબ મોટી જણાય છે. આજે શિક્ષણ વધ્યું છે, પણ સમજણ વધી નથી. પદવીઓ વધી છે, પણ મૂલ્યો વધ્યાં નથી. જીવનમૂલ્યોનો લોપ થતાં મનુષ્યને જીવનના ઝંઝાવાતોમાં અડીખમ ઊભા રહેવાનું શિક્ષણ મળતું નથી. તેના પરિણામે નાની એવી સમસ્યાનો સામનો પણ આજે મનુષ્ય કરી શકતો નથી. તેથી જ માનસિક તણાવ, માનસિક રોગો, આત્મહત્યા,કુટુંબ કલેશ, શારીરિક બીમારીઓ વગેરેનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જ જાય છે.

સહનશીલતા એ મનુષ્યનો સહુથી મોટો ગુણ છે એમ શ્રીમા શારદાદેવી કહે છે. જીવનમાં જેઓ સહી લે છે, તેમના માટે કોઈ મુશ્કેલી હોતી નથી, પણ જેઓ સહન કરી શકતા નથી તેઓ બધું ગુમાવે છે. આજે કુટુંબો ભાંગી રહ્યાં છે તેની પાછળનું જો કોઈ મુખ્ય કારણ હોય તો તે સહનશીલતાનો અભાવ છે. સત્તરમા સૈકામાં ઓસાન નામના પ્રધાનના પરિવારમાં લગભગ એકસો માણસો પ્રેમપૂર્વક સંપથી રહેતા હતા. આ પરિવારના સંપ વિશે એમ કહેવાતું હતું કે ઓસાનના ઘરનો કૂતરો પણ બીજા કૂતરા સાથે ઝઘડતો નથી. ત્યાંના સમ્રાટને આ વાતની ખબર પડી એટલે તેઓ પ્રધાનના ઘરે ગયા. તેમના પરિવારના આવા અદ્ભુત સંપનું રહસ્ય શું છે તે જાણવા કહ્યું. વયોવૃદ્ધ પ્રધાને પોતાના પૌત્રને કાગળ પેન્સિલ લાવવા કહ્યું. ધ્રૂજતા હાથે તેમણે આ સંપનાં કારણો લખી આપ્યાં. રાજા કાગળ વાંચીને આશ્ચર્યચકિત થઈ ગયો. એ કાગળમાં સો વાર એક જ શબ્દ લખ્યો હતો અને તે શબ્દ હતો- સહનશીલતા. પરિવારની શાંતિનું રહસ્ય છે, સહનશીલતા.

અત્યારે સમાજમાં ખૂબ ઝડપી પરિવર્તનો આવી રહ્યાં છે. ઓલ્વિન ટોફલરે પોતાના પુસ્તક 'ફ્યૂચર શોક' માં ઝડપથી થઈ રહેલાં આ સામાજિક પરિવર્તનોની અવળી અસરો વિશે ચિંતા વ્યક્ત કરી

છે. આ કારણે પેઢી-પેઢી વચ્ચેનું અંતર વધી રહ્યું છે, પરસ્પર સમજણ ઘટી રહી છે. સ્વાર્થવૃત્તિ વધી હોવાના પરિણામે બીજાંઓ વિશે વિચાર કરવાની વૃત્તિ ઘટી રહી છે. પાશ્ચાત્ય સંસ્કારોનો પ્રભાવ, જડવાદી સભ્યતાનું આક્રમણ, ટી.વી. ચેનલો ને મીડિયાના પ્રભાવને લઈને જીવનની બદલાઈ ગયેલી પરિભાષા, આધ્યાત્મિક શિક્ષણ અને સંસ્કારોનો અભાવ – આ બધાંના પરિણામે આધુનિક યુગમાં મનુષ્યને બક્ષિસરૂપ મળેલો મહાન સદ્‌ગુણ – સહનશીલતાનો લોપ થતો જાય છે અને તેનું પરિણામ એ આવે છે કે જરા સરખી મુશ્કેલીનું દબાણ પણ લોકો સહન કરી શકતા નથી.

આજે વૈજ્ઞાનિક ઉપકરણોએ માનવજીવનને અનેક સુવિધાઓ આપી છે. જીવનને સરળ બનાવ્યું છે. એક સૈકા પહેલાંની જ વાત કરીએ તો સ્ત્રીઓનું જીવન કેટલું મુશ્કેલ હતું ! વહેલાં પરોઢિયે ઊઠીને ચાર વાગ્યે ઘંટીએ દળવું પડતું. ઘરનાં તમામ કાર્યો જાતે કરવાં પડતાં. સંયુક્ત કુટુંબમાં બધાંની સેવા કરવી પડતી, છતાં તે સમયે સ્ત્રીઓમાં આત્મહત્યાનું પ્રમાણ આટલું બધું ન હતું ! કેમ કે સ્ત્રીઓ ભલે શાળા-કોલેજમાં ભણેલી ન હતી પણ તેમનો આદર્શ હતો – સીતા, સાવિત્રી, દમયંતી. આ સતીઓના જીવનમાં કેવાં કેવાં દુઃખો પડ્યાં હતાં, એ જાણીને તેમની અદ્‌ભુત સહનશીલતામાંથી તેમને બળ મળતું અને તેઓ હસતા મુખે બધું સહન કરી શકતી, પછી તો તેમનો સ્વભાવ જ સહન કરવાનો બની જતાં એમને દુઃખ જેવું કે સહન કરવા જેવું જ લાગતું નહીં પણ આજે ભલે જીવનમાં સુવિધાઓ-સગવડો વધી છે, પણ દુઃખો ઘટ્યાં નથી. ઊલટું કહેવાતી સ્વતંત્રતાની ભાવનાને લઈને યુવાન પેઢી, 'હું શું કામ સહન કરું ? હું શું કામ બંધનમાં રહું ? મારી મરજી પ્રમાણે જ કરીશ.' – આમ વિચારીને કંઈ જ સહન કરતી નથી અને પછી જિંદગીભર તેનાં પરિણામો ભોગવ્યા કરે છે.

જો વ્યક્તિને સુખ-શાંતિ-પ્રેમ જોઈતાં હોય તો સહન કરતાં શીખી લેવું પડશે. સહનશીલ બનવા માટે બીજા કશાની જરૂર નથી. ફક્ત મન ઉપર સંયમ રાખવાની જરૂર છે. કોઈએ એક આકરો શબ્દ કહ્યો તો સામે બે-ચાર શબ્દો એથીય વધારે આકરા કહી દેવા બહુ જ સહેલા છે, પણ એ આકરો શબ્દ સાંભળી લેવો, ગળી જવો, એની કોઈ જ પ્રતિક્રિયા ન કરવી – એ સંયમ છે. એ મુશ્કેલ છે, પણ એક વાર જો આ સંયમ મન ઉપર આવી જાય તો પછી સહનશક્તિની જાદુઈ ચાવી હાથમાં આવી જાય છે અને આ ચાવીથી દરેક પરિસ્થિતિનો સામનો કરી શકાય છે. ગરીબ ઘરનો એક યુવાન પાંચ વર્ષનો કરાર કરીને શેઠની દુકાનમાં કામ કરવા દુબઈ ગયો. ત્યાં આખો દિવસ કામ કરવાનું. ભયંકર ગરમી, તેના જેવા બીજા ત્રણ યુવાનો સાથે એક રૂમમાં રહેવાનું. – ત્યાં તેને જરા પણ ફાવતું ન હતું. રોજ રાત્રે ઘર યાદ આવે અને એમ થાય કે આના કરતાં દેશમાં મજૂરી કરીને પેટ ભરીશ પણ અહીં નથી રહેવું ચાલ્યા જવું છે, પણ નાનપણમાં દાદા રોજ રાત્રે રામાયણની કથા વાંચતા તે સાંભળી હતી. એ સંસ્કારો તેના આંતરમનમાં દૃઢ થઈ ગયેલા હતા. તેથી જ્યારે ઘરે જવાની ઈચ્છા થાય ત્યારે મનમાં કહેતો રામને તો ચૌદ વર્ષનો વનવાસ હતો એ તો રાજા હતા તોય એમને કેટકેટલાં દુઃખ પડ્યાં. તેમણે તો એમ કહ્યું ન હતું કે 'હું આવું નહીં સહન કરું, હું રાજાનો દીકરો છું.' આમ રામના ચરિત્રને યાદ કરતાં તેણે ત્યાં પાંચ વર્ષ કાઢી નાખ્યાં અને પછી તો પોતાની સ્વતંત્ર દુકાન કરી અને આજે ખૂબ શ્રીમંત બની ગયો, પણ જો પરિસ્થિતિ સહી ન હોત તો આજે અહીં ક્યાંય ભટકતો હોત ! આમ, સહનશક્તિ કેળવવા માટે મહાપુરુષોનાં જીવનચરિત્રનું વાચન ખૂબ જ જરૂરી છે. તેથી ખ્યાલ આવે છે કે મહાપુરુષોએ કેટકેટલાં કષ્ટો સહન કર્યાં, જીવનમાં આવતી તમામ વિપત્તિઓનો હસતે મુખે સામનો કર્યો ત્યારે તેઓ મહાન બન્યા. જે સહે છે તે જ પામે છે, તેને જ મહાનતા મળે છે. શ્રીરામકૃષ્ણદેવનો મહત્ત્વનો સંદેશ એ છે કે 'જે સહે તે રહે. જે ન સહે તે ન રહે. 'અન્ય અક્ષરો એક પણ 'સ' ત્રણ. શ, ષ અને સ અર્થાત્ સહન કરો, સહન કરો અને સહન કરો.

☐ 'આધુનિક માનવ શાંતિની શોધમાં'માંથી સાભાર

# શિવાનંદ કથામૃત

[ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજને આનંદ કુટીર ઋષીકેશમાં મળવા માટે અનેક આગંતુકો, મુલાકાતીઓ અને ભક્તો આવતા. તેઓ ગુરુદેવને વિવિધ વિષયો પર અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા. ગુરુદેવ તેનો યોગ્ય જવાબ આપતા. આ પ્રશ્નો તથા તેના જવાબ ગુરુદેવની સાથે રહેતા સંન્યાસી શિષ્યો ચીવટપૂર્વક નોંધી લેતા. આ નોંધ એટલે શિવાનંદ કથામૃત. તેમાં ઘણી વ્યક્તિઓનો ફાળો છે. મુખ્ય ફાળો સ્વામી વ્યંકટેશાનંદજીનો છે.આ ઉપરાંત સ્વામી શિવાનંદ હૃદયાનંદજી, સ્વામી ચૈતન્યાનંદજી, સ્વામી સંતાનંદજી, સ્વામી ગુરુશરણાનંદજી, સ્વામી પરમાનંદજી તથા બીજાઓએ સેવા આપી હતી]

**ધંધામાં સફળતા**

થોડાક શિષ્યો કેટલાક ધનવાન ઉદ્યોગપતિઓ વિષે વાત કરી રહ્યા હતા. ગુરુદેવે જણાવ્યું કે કોઈ ધનવાન બને છે તે તેના ધંધાની ખાસિયતના લીધે નહિ, પણ ફક્ત ઈશ્વરની કૃપાના લીધે બને છે."

વધુ સમજ આપતાં તેમણે કહ્યું: "જ્યારે ભગવાન તમને ધનિક બનાવવા ઈચ્છે છે ત્યારે નાનો ધંધો કરતા હોવા છતાં તેમાંથી લાખોપતિ બની શકો છો. સોપારી વેચીને, સોય વેચીને, એક નાની કોફીની દુકાનમાંથી ઘણા લોકો ધનિક બન્યા છે. ઈશ્વરની કૃપા વગર તમે ભલે લાખો રૂપિયા રોકી મોટો ધંધો કરો તો પણ તમને મોટી ખોટ થઈ શકે."

**સાધુનું કર્તવ્ય**

ગુરુદેવનો એક શિષ્ય તેમની કુટીર પર તે ગુજરાત જવાનો હોવાથી રજા લેવા માટે આવ્યો હતો. ત્યાં તે ગુરુદેવના એક ભક્ત સાથે થોડોક સમય રહેવાનો હતો.

"ઓજી, દૂધ, ફળ અને સ્વાદિષ્ટ વાનગીનો આદેશ કરતાં મહંતની માફક ત્યાં રહેવાનું નથી. ત્યાં તમારે કોઈ નિષ્કામ સેવા કરવાની છે. હોસ્પિટલના કામમાં તેમને મદદ કરજો. હું તેમને પત્ર લખીને પૂછીશ. તમારે કંઈ કહેવાનું છે?"

શિષ્યે ના પાડી અને જવા માટે રજા લીધી.

પછી ગુરુદેવે જણાવ્યું: "સંન્યાસી માટે ગામડામાં જઈ ત્યાં બેઠા રહી ગામડાના લોકોની સુવિધાઓનો ઉપભોગ કરવો એ જરા પણ યોગ્ય નથી. તેણે ત્યાં રહી ત્યાંના લોકોની કંઈક સેવા કરવી જોઈએ. કીર્તન અને પ્રવચનો દ્વારા તેણે તેમને આધ્યાત્મિક રીતે ઉન્નત બનાવવા જોઈએ. સંન્યાસીનું સરળ જીવન-લક્ષ્ય ફક્ત સર્વવ્યાપી ઈશ્વર જે બધાં જ સર્જનમાં વ્યાપ્ત છે, તેનો સાક્ષાત્કાર કરવાનું છે. માનવતાની આત્મભાવથી સેવા કરવાથી તે લક્ષ્યને પહોંચી શકાય છે."

**એકાંત**

પોતાની સાહેલીઓની મંડળી સાથે ઊભી રહેલી એક મહિલા સાથે ગુરુદેવ વાત કરી રહ્યા હતા.

"જ્યારે તમે તમારી મંડળીમાં હો ત્યારે અજાણપણે પણ તમે નકામી વાતોમાં ખેંચાઈ જાઓ છો. માટે સાવધ રહો. માનસિક જપ કરતા રહો. મનમાં ભગવાનના નામનું રટણ કરો. આમ કરવાથી તમને વિવિધ વિક્ષેપો વચ્ચે પણ એકાંતનો લાભ મળી શકશે."

**આડંબર છોડી દો**

રાત્રિના સત્સંગ પછી ગુરુદેવ તેમની કુટીર તરફ પાછા આવતા હતા. વાનકુંવર (કેનેડા)નો જિજ્ઞાસુ શ્રી જહોન બન્મન ગુરુદેવની સમક્ષ તેમની રાહ જોતો ઊભો હતો.

"અરે! તમે જહોન બન્મન છો? હું તમને ઓળખી શક્યો નહિ. મજામાં છો ને?" ગુરુદેવે પૂછ્યું. કોઈએ કહ્યું કે તેણે મૂછો કાઢી નાખી હોવાથી તે સહેલાઈથી ઓળખી શકાતો નથી. "એમ છે! પછી તમે 'ego-dectomy' - 'અહં-નાશન' કર્યું છે એમ મને લાગે છે. Wisdom of Humour - વિનોદનું શાણપણ' નામના પુસ્તકમાં ગુરુદેવ કહે છે: "જેમ વધુ લાંબી મૂછો તેમ વધુ અહમ્, જેમ વધુ અહમ્ તેમ નરક તરફનો વધુ સીધો માર્ગ."

### આંતરિક સંસ્કૃતિ

ગુરુદેવ ઓફિસ તરફ જઈ રહ્યા હતા. દક્ષિણ ભારતનો આખા શરીરે પંરપરાગત વૈષ્ણવધર્મનાં ચિહ્નો સાથેનો એક વૈષ્ણવ ભક્ત ગુરુદેવને મળ્યો અને પ્રણામ કર્યા.

ગુરુદેવે પૂછ્યું: ''આ ચિહ્નોથી તમારી જાતને શણગારવા માટે કેટલો સમય જોઈતો હશે ?''

તેણે જવાબ આપ્યો: ''લગભગ અડધો કલાક.''

''અડધો કલાક?''

''અડધો કલાક ? ઓજી, વિષ્ણુ ભક્ત કે શિવભક્ત દર્શાવતાં આ બહારનાં ચિહ્નો કરવામાં તમારાં સમય અને શક્તિનો વ્યય ન કરો. ઈશ્વર આ બહારના દેખાવ કે શણગારને જોતો નથી. તેને તો આંતરિક શુદ્ધિની જરૂર છે. સાચો વૈષ્ણવ કે શૈવ એ છે કે જેનું હૃદય પવિત્ર છે, જે બધાંને ચાહે છે, બધાંની સેવા કરે છે, જે બધાં પ્રાણીઓમાં એક જ ઈશ્વરને જુએ છે અને જેણે કામ, લોભ અને ક્રોધ પર કાબૂ મેળવ્યો હોય છે. ફક્ત બહાર પોતાના શરીર પર ચિહ્નો મૂકવાથી સાચા વૈષ્ણવ કે શૈવ થઈ શકાતું નથી.''

### જીવન-ભેટની વસ્તુ કે ઉછીની વસ્તુ

ગુરુદેવે એક શિષ્યને પૂછ્યું: ''જીવન ભેટની વસ્તુ છે કે ઉછીની મળેલી વસ્તુ?''

શિષ્યે કહ્યું: ''સ્વામીજી, તે બન્ને છે તેમ આપણે કહી શકીએ.''

ગુરુદેવે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું: ''જ્યારે મનુષ્ય આ વિરલ માનવશરીરનો આ જ જન્મમાં અમરતા પ્રાપ્ત કરવા માટે ઉપયોગ કરે ત્યારે તે ભેટ છે, પરંતુ જે લોકો જીવનને ખાવાપીવા અને એશઆરામમાં વેડફી નાખે છે તેમના માટે તે ઉછીની વસ્તુ છે.''

### દિવ્ય નાટક

''તમારામાંથી કેટલા જણ ભગવાન નારાયણને હંમેશાં ગરીબ ભિખારીઓના રૂપમાં જોવા માટે શક્તિમાન થશે?'' ગુરુદેવે શિષ્યોને પૂછ્યું.

''સ્વામીજી, આ ભાવ હંમેશ માટે રાખી શકવાનું ખૂબ મુશ્કેલ છે'' એક શિષ્યે જવાબ આપ્યો.

ગુરુદેવે કહ્યું: ''આ બધી ભગવાનની લીલા છે. પોતે જ ભિખારીનો વેશ લે છે અને દુઃખ સહન કરે છે. કોઈ રાજા હોય અને ગરીબ માણસનો વેશ ભજવવા બધા પ્રકારનાં દુઃખો સહન કરે તેના જેવું આ છે. તેના માટે તો ફક્ત નાટક જ છે. સમસ્ત સર્જન, જેમાં બધા લોકો સુખ અને દુઃખ, શોક અને વેદનાઓ ભોગવે છે તે ભગવાનની લીલા સિવાય બીજું કંઈ જ નથી.''

પછી એક શિષ્ય તરફ ફરી ગુરુદેવે પ્રશ્ન પૂછ્યો: ''આમ હોય ત્યારે કર્મના સિદ્ધાંતને કેવી રીતે સમજાવી શકો?''

શિષ્યે જવાબ ન આપ્યો અને મૌન રહ્યો.

ગુરુદેવે પોતે જવાબ આપ્યો: ''ઉત્ક્રાન્તિની લાંબી વિધિની શરૂઆતના તબક્કાઓમાં જ્યારે મનુષ્ય પક્વ હોતો નથી ત્યારે તે કર્મના સિદ્ધાંતને અનુસરે છે. પોતાના કર્મનાં ફળ આપનાર ભગવાનને તે માને છે એટલે તે સારાં કર્મ કરવાનો પ્રયત્ન કરે છે, જે તેને બદલામાં આગળના જીવનની ઉત્ક્રાંતિ માટે જીવનમાં વધુ સારી તકો, સંયોગો અને પરિસ્થિતિ આપે છે.''

''આમ તેના હૃદયનું શુદ્ધીકરણ થાય છે. હવે કર્મના સિદ્ધાંતનું કોઈ મૂલ્ય રહેતું નથી. તેને લાગે છે કે હવે તે ભગવાનના હાથનું એક સાધન માત્ર છે. જ્યારે તે આ ભાવથી કર્મ કરે છે ત્યારે તેને કર્મ-પ્રતિકર્મ (આઘાત-પ્રત્યાઘાત)માંથી મુક્તિ મળી જાય છે.''

''સમય જતાં જ્યારે તે વધુ ને વધુ શુદ્ધ થતો જાય છે ત્યારે તે પોતે સાધન છે તે ભાવથી પર થતો જાય છે. હવે તેને ભગવાનની સમાન તેની ઓળખ હોવાનો અનુભવ થાય છે અને તેને સતત લાગે છે કે પોતાની અંદર અને બહાર તેની હાજરી રહેલી છે. હવે કર્મનો સિદ્ધાંત તેના માટે અર્થહીન છે. જ્યારે વ્યક્તિ પોતે

ભગવાન હોય છે અને તે કર્તા અને કર્મ બન્ને હોય તો પછી પ્રશ્ન જ ક્યાં રહે છે ? કોણ કર્મ કરે છે, કોના માટે અને શાના માટે ? તેનો અનુભવ બની જાય છે.''

**યાદ રાખવાના મુદ્દા**

શ્રી અમરાનંદજી તરફ ફરતાં ગુરુદેવે કહ્યું: ''ઓજી, બે દિવસ પહેલાં મેં તમને એક લેખ ટાઈપ કરવા માટે આપેલો તે યાદ છે?''

''હા, સ્વામીજી તે લેખનું શીર્ષક છે. 'યાદ રાખવાના મુદ્દા.' મેં તેને ટાઈપ કરીને મારી પાસે તૈયાર રાખ્યો છે.''

''આત્મારામજી, આ મુદ્દાઓને બરાબર યાદ રાખો'' આત્મારામને ઉદ્દેશીને ગુરુદેવે કહ્યું.

''યાદ રાખોઃ કાયમની સાવધાની એ મુક્તિ તરફ દોરી જાય છે.''

''યાદ રાખોઃ સચ્ચાઈ, ખંત,ગંભીરતા અને ઉદ્યમ આ બાબતો જિજ્ઞાસુઓને આધ્યાત્મિક પથ પર આગળ વધવા માટે જરૂરી છે.

''યાદ રાખોઃ હંમેશાં ઈશ્વરને અને જીવનના હેતુને.''

''યાદ રાખોઃ સમય ખૂબ મૂલ્યવાન છે. એક વખત ગુમાવેલો સમય પાછો આવતો નથી.''

''યાદ રાખોઃ ઈન્દ્રિયો અને મન પરના કાબૂ વગર, આત્મસંયમ અને શિસ્ત વગર, માણસ ઈશ્વર-સાક્ષાત્કાર કરી શકે નહિ.''

**વિવેક વાપરો**

ગુરુદેવે શિષ્યોને એક વાત કહી.

''એક વાર એક ભાઈ રામેશ્વરની યાત્રાએ ગયા હતા. તેમને દરિયામાં સ્નાન કરવું હતું. તે કિનારા ઉપર ગયા. પોતાનું જળપાત્ર રેતીમાં મૂકી તેની પાસે રેતીનું એક લિંગ બનાવ્યું, જે તે સ્નાન કરી પાછો આવે ત્યારે શોધવામાં નિશાની તરીકે રહે. તે સ્નાન કરવા જતો હતો ત્યારે બીજો માણસ જે તે શું કરે છે તે જોઈ રહ્યો હતો તે કિનારે આવ્યો. તે પણ લિંગ બનાવી સ્નાન માટે ગયો. ત્રીજાએ પણ આમ કરવાનો રિવાજ હશે તેમ વિચારી તેમ જ કર્યું. આમ, દરેક જણ આવે અને લિંગ બનાવી સ્નાન કરવા જાય. જ્યારે પેલા ભાઈ પાછા આવ્યા ત્યારે તેમના આશ્ચર્ય વચ્ચે જોયું કે સેંકડો લિંગ હતાં અને તેથી તેમનું પાત્ર ક્યાં મૂક્યું હતું તે સ્થળ શોધી શક્યો નહિ.''

''આંધળું અનુકરણ આપણને ક્યાંય લઈ જઈ શકતું નથી. ઠેરના ઠેર રાખે છે. વિવેકી બનો, અનાસક્ત બનો.''

**જ્ઞાન કે જિજ્ઞાસા**

અલાહાબાદના વકીલ શ્રી આનંદનારાયણ વ્યાસે વાતચીત દરમિયાન ગુરુદેવને પૂછ્યું: ''જ્યારે ઈસુ ખ્રિસ્તને વધસ્તંભ પર ચઢાવવાનો આદેશ અપાયો ત્યારે ઈસુએ કહ્યું: 'હે પિતા, તું મને છોડી દે છે?' અને વધસ્તંભ પર ચઢાવ્યા પહેલા તેમણે કહ્યું: 'પિતા, તેમને માફ કર, તેઓ શું કરી રહ્યા છે તે તેઓ જાણતા નથી.' સ્વામીજી, તેમણે આવાં બે વિરુદ્ધ કથનો કેમ કહ્યાં હશે ?''

''મોટા આત્માઓનાં કર્મોનું પૃથક્કરણ કરવાનું માંડી વાળો. તે કર્મો અલૌકિક છે. આપણા સામાન્ય મન આ રહસ્યને સમજી શકશે નહિ. આ કથનોના 'શા માટે અને શું'નું પૃથક્કરણ કરવાનો પ્રયત્ન કરવાના બદલે ઈસુના અનેક ઉપદેશોમાંથી કંઈ નહિ તો એકનું આચરણ કેમ કરતા નથી?'' ગુરુદેવે કહ્યું.

**સાધુ અને બોધક**

એક રાત્રે ટાઈપ કરેલા પત્ર ગુરુદેવ વાંચી રહ્યા હતા. એકદમ તેમનો ચહેરો સ્મિતથી ઝબકી ઊઠ્યો. હાજર રહેલા ભક્તો તરફ તે વળ્યા અને કહ્યું: ''વિદ્યાર્થીને ઉપદેશ આપતો આ પત્ર છે. એક ભક્તના પત્રનો આ જવાબ છે. તે નીચે પ્રમાણે છેઃ 'તમારા મનને વળગી રહો.' આ મનને વળગી રહેવું એટલે શું ? શું તેનો અર્થ તમારા સિદ્ધાંતો અને સંકલ્પોને વળગી રહો એવું થાય?''

''હમણાંથી લોકો વિચારતા થયા છે કે સાદું અંગ્રેજી લખવું એ નિમ્ન કક્ષાનું કામ છે. આ એક ખેદકારક ભૂલ છે. લખવાનો ઉદ્દેશ વાંચક જે કંઈ લખ્યું હોય તેને સ્પષ્ટતાથી, મુશ્કેલી વગર સમજે અને તેને અનુસરે તે માટેનો હોય છે, જેને સમજવા માટે ડિક્શનરી શોધવી પડે એવાં આડંબરી વાક્યો લખવાનો શું ઉપયોગ છે?''

એક રમૂજી વાત છે. એક વાર ગવર્નર સ્કૂલની મુલાકાતે આવવાના હતા. શિક્ષકે વિદ્યાર્થીઓને આવે ત્યારે તેમને આવકાર આપવા માટે May the Lord preserve His Excellency - 'ભગવાન આપ મહાનુભાવનું રક્ષણ કરે' એમ કહેવાનું જણાવ્યું. વિદ્યાર્થીઓમાંના એકને એમ લાગ્યું કે 'preserve' શબ્દ વધુ પડતો સાદો છે અને તેથી તેને બદલે વધુ સારો શબ્દ બોલવાનું નક્કી કર્યું. એટલે જ્યારે ગવર્નર વર્ગમાં પ્રવેશ્યા ત્યારે તેણે May the Lord pickle His Excellency - 'ભગવાન આપ મહાનુભાવનું pickle - અથાણું કરે' એમ કહ્યું.

આખી ઑફિસ ખૂબ મોટેથી હસી પડી.

ગુરુદેવે આગળ કહ્યું: ''સાદાં વાક્યો લખો અને વાચકને તમારા મુદ્દા સ્પષ્ટ થાય તે જુઓ પછી જ તેને ફાયદો થશે અને સાથે સાથે તમારા લખવાનો હેતુ પણ સધાશે.''

☐ **'શિવાનંદ કથામૃત' માંથી સાભાર**

# અજાતશત્રુ પ્રાણલાલભાઈ મહેતાનું મહાપ્રયાણ



શ્રી પ્રાણલાલભાઈ મહેતાનું મંગળવાર તા. ૨૮-૨-૨૦૧૭ની સંધ્યાએ રાજકોટમાં મહાપ્રયાણ થયું છે. પૂજ્ય પ્રાણભાઈ શિવાનંદ આશ્રમ, ધ ડિવાઈન લાઈફ સોસાયટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના જાગૃત પ્રહરી હતા. ગુજરાત દિવ્ય જીવન સંઘના મહામંત્રીપદે એમણે ૩૦ વર્ષથી વધુ સમય સુધી ઉદારચરિત સેવાઓ આપી. છેલ્લાં ૩૫ વર્ષથી પૂજ્ય શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી (પૂજ્ય બાપુજી)ની સેવાકીય સંસ્થા શિવાનંદ મિશનના પણ તેઓશ્રી મેનેજિંગ ટ્રસ્ટી રહ્યા. તદુપરાંત પૂજ્ય બાપુજીના પવિત્ર સાનિધ્યમાં શિવાનંદ હોસ્પિટલ, વીરનગર ખાતે રહીને એમણે અકલ્પ્ય રીતે વહીવટ સંભાળ્યો.

૯૪ વર્ષની જૈફ વયે પણ તેઓ સતત સેવાનિરત રહ્યા. સવારની અને સાંજની પ્રાર્થના એમના જીવનનું મહત્ત્વનું અંગ હતું. ૧૦ દિવસ પૂર્વે રાત્રી પ્રાર્થનામાંથી પાછા ફરતાં પડી જતાં તેમનું થાપાનું હાડકું ભાંગતાં તેમને રાજકોટની સુપ્રસિદ્ધ વોકાર્ડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સફળ ઓપરેશન પછી હોસ્પિટલમાંથી નિવૃત્તિ બાદ ફરીથી આત્મઘાતી હૃદયનો હુમલો આવતાં છેલ્લા અઠવાડિયાથી હોસ્પિટલમાં જ હતા. તેમના ત્રણેય પુત્રો ચિ.ભાઈ પંકજ, ચિ. ભાઈ જનક અને ચિ. ભાઈ જીતેન્દ્રએ એમની અંતિમ ક્ષણ સુધી શ્રવણ સમાન સેવા કરી.

ગુજરાત શિવાનંદ પરિવારના તેઓશ્રી વર્તમાન સમયના વરિષ્ઠ મોભી હતા. તેઓશ્રીએ દિવ્ય જીવન સંઘ, રાજકોટની શાખાના અધ્યક્ષ તરીકે ૪૦ વર્ષ સુધી સેવાઓ આપી. તેમના મહાપ્રયાણથી શિવાનંદ હોસ્પિટલ, શિવાનંદ મિશન, શિવાનંદ પરિવાર, વીરનગરને કદીય ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

દિવંગતના આત્માની આત્મશાંતિ માટે પ્રાર્થના.

- સંપાદક

# વૃત્તાંત

• **તા. ૨૯-૧-૨૦૧૭ (લેકાવાડા-ગાંધીનગર) :** લેકાવાડા ગામ ખાતે શ્રી જક્ષણી માતાજીના નૂતન નિર્મિત મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ ૨૯-૧-૨૦૧૭ના રોજ આયોજાયો. શિવાનંદ આશ્રમના પૂર્વ ટ્રસ્ટીશ્રી શ્રેયસભાઇ પંડ્યાએ આ મંદિરના નિર્માણ માટે ઉદારતાથી મોટી સખાવત કરી. આ દિવ્ય પ્રસંગે પૂજ્ય સ્વામીજી ઉપરાંત ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા પણ ઉપસ્થિત રહ્યા. શ્રી શ્રેયસભાઈનું લેકાવાડા ગ્રામજનો તરફથી સન્માનપત્ર આપી ભવ્ય સન્માન કરવામાં આવ્યું.

• **તા. ૩૦-૧-૨૦૧૭ થી ૧-૨-૨૦૧૭ અમદાવાદ :** અનુપમ મિશન સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા જજીસ બંગલા, વસ્ત્રાપુર ખાતે 'ઉપાસનાધામ'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું, જેમાં પૂ. સાહેબજીના નિમંત્રણથી પૂ. સ્વામી શ્રી અધ્યાત્માનંદજીએ ત્રણે દિવસ આ વિશેષ કાર્યક્રમનું અતિથિપદ શોભાવ્યું.

• **૫-૨-૨૦૧૭, મુંબઈ - ભુવનેશ્વર, પુરી, કટક :** અમદાવાદથી વહેલી સવારે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ મુંબઈ રવાના થયા. એરપોર્ટ ઉપર વિશાળ ભક્ત સમાજ સાથે સત્સંગ કરી પૂજ્ય સ્વામીજી મધ્યાહ્નને ભુવનેશ્વર આવી પહોંચ્યા. અહીં પણ એરપોર્ટ પર ભક્તો સાથે સત્સંગ-પ્રાર્થના કરી, પૂજ્ય સ્વામીજી શ્રી પુરીધામ પધાર્યા. ભગવાન શ્રી જગન્નાથજીનાં દર્શન અને પ્રસાદ ગ્રહણ કર્યા બાદ પૂજ્ય શ્રી સ્વામી બ્રહ્મનિષ્ઠાનંદજી મહારાજને ત્યાં દિવ્ય જીવનની પ્રાર્થના અને શિવાનંદ પરિવાર સાથે સુખદ મિલન થયું. મોડી સાંજે પુરીથી પૂજ્ય સ્વામીજી ભુવનેશ્વર થઈને કટક આવ્યા. અહીં (સાયં પ્રાર્થના બાદ શિવાનંદ આશ્રમ, હૃષીકેશની યોગવેદાંત અરણ્ય અકાદમીના યોગાચાર્ય સાથે કેન્દ્રપાડા) મોડી રાતે આવવાનું થયું.

• **૫-૨-૨૦૧૭, કેન્દ્રપાડા (ઓડિશા) :** ઓડિશાના આદિવાસી વિસ્તારમાં આવેલ શિવાનંદ દિવ્ય ધામ આશ્રમ કેન્દ્રપાડા ખાતે પૂજ્યા સંન્યાસિની માતા દિવ્યાનંદજીની નિશ્રામાં કાર્યનિરત છે. માતાજી અહીં દર અઠવાડિયે નિઃશુલ્ક મેડિકલ કેમ્પ આયોજે છે. નિરાશ્રિત ૧૭૦ બાળકોને રહેવા-ભણવા માટે શિવાનંદ વિદ્યાલય ચલાવે છે. જેમાં અનેક મુસ્લિમ બાળકો પણ છે. ત્યાંથી પચાસેક માઈલ દૂર પીંગળ ગામ ખાતે માતાજી વૃદ્ધાશ્રમ પણ ચલાવે છે, જેમાં છેલ્લાં ૩૫ વર્ષથી અખંડ મહામંત્ર પણ ચાલે છે.

પૂજ્ય સ્વામીજી દર વર્ષે (બની શકે ત્યાં સુધી) આવીને આદિવાસી વિસ્તારમાં જઈને તેમને આર્થિક, માનસિક અને આધ્યાત્મિક સહાય ઉપરાંત (બસોથી પાંચસો સાડી-સાડલા) અન્નદાન, ભોજનની પણ સેવા કરે છે.

કેન્દ્રપાડાના નિવાસ દરમિયાન પૂજ્ય સ્વામીજી આજુબાજુનાં ગામડાંઓમાં પણ ગયા. દેરાબીસી કોલેજ, ઈન્દુપુર કોલેજ, કેન્દ્રપાડા કોલેજ અને તુળસી મહિલા કોલેજમાં વિદ્યાર્થીઓનાં યશસ્વી જીવન અને અભ્યાસમાં સફળતા માટે પ્રેરણાસ્પદ પ્રવચનો કર્યાં. પૂજ્યા માતાજીને ત્યાં આયોજાયેલ શિવાનંદ વિદ્યાલયના વાર્ષિકોત્સવ અને ચૈત્રી પૂર્ણિમા નિમિત્તે આયોજાયેલ સાત દિવસીય શ્રી વિષ્ણુમહાયાગમાં પણ સેવાઓ અર્પી.

• **૧૧-૨-૨૦૧૭, સાંચી (વિદિશા) :** બૌદ્ધ અને ભારતીય તત્ત્વદર્શન શિક્ષણ વિશ્વવિદ્યાલય, સાંચી (વિદિશા-મ.પ્ર.) ખાતે ૧૧-૨ થી ૧૪-૨ સુધી ચાર દિવસનું જ્ઞાનસત્ર થયું. વિશ્વભરનાં ૧૯ રાષ્ટ્રમાંથી ૨૫૦થી વધુ વિદ્વાન-સારસ્વત અહીં એકત્રિત થયા. આ જ્ઞાનયજ્ઞનું ઉદ્‌ઘાટન સન્માનનીય બેનેગલા ઉપટીસ્ટા નાયક ટેરો (અધ્યક્ષઃ મહાબોધી સોસાયટી ઓફ શ્રીલંકા અને મુખ્ય સંઘનાયક ઓફ જાપાન) દ્વારા થયું. આ પ્રસંગે મધ્યપ્રદેશ સરકારના સન્માનનીય શ્રી સુરેન્દ્ર પટવા (મંત્રી : સાંસ્કૃતિક અને પ્રવાસ વિભાગ) મુખ્ય અતિથિ સ્વરૂપે ઉપસ્થિત રહ્યા.

પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે આ ચારેય દિવસ બધી જ સભાઓમાં ઉપસ્થિત રહી વક્તા અને આયોજકોને પ્રેરણા આપી.

પૂજ્ય સ્વામીજીનું ઉદ્‌બોધન ખૂબ જ પ્રભાવશાળી રહ્યું, જે આ અંકમાં અન્યત્ર પ્રકાશિત થયેલ છે. સમગ્ર કાર્યક્રમ રાજા વિદેહીજનકના જ્ઞાનયજ્ઞ સમાન થયો. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. શ્રી યજ્ઞેશ્વરજી શાસ્ત્રી ધન્યવાદને પાત્ર છે.

• તા. ૧૨-૨-૨૦૧૭, અમદાવાદ : જય ભગવાન ટ્રસ્ટ, મુંબઈના સૌજન્યથી શિવાનંદ આશ્રમમાં નિઃશુલ્ક એક્યુપ્રેશર પ્રશિક્ષણ અને સારવારનો સેવાયજ્ઞ કરવામાં આવ્યો. તા. ૧૨ ફેબ્રુઆરી સવારથી ૧૮ ફેબ્રુઆરી સાંજ સુધી આ સેવાયજ્ઞમાં સવારે અને સાંજે બે વખત સારવાર અને પ્રશિક્ષણ આપવામાં આવ્યું, જેમાં ૨૦૦થી વધુ મુમુક્ષુઓએ એક્યુપ્રેશર વિજ્ઞાનનું પદ્ધતિસરનું જ્ઞાન સંપાદન કર્યું. આ સપ્ત દિવસ સેવાયજ્ઞનો લાભ ૧૫૦૦થી વધુ લોકોએ લીધો. આ માટે જય ભગવાન ટ્રસ્ટના ગુરુજી શ્રદ્ધેય શ્રી નવનીતભાઈ શાહ અને એમનું મંડળ તથા એમના અમદાવાદ ખાતેના સભ્યોએ જે સુંદર સંચાલન કર્યું તે ખરેખર સ્તુત્ય છે. શિવાનંદ આશ્રમ વતી શ્રી અશ્વિનભાઈ પંચોલી (મામા) અને શ્રી નાન્દીસાહેબે સુંદર સંયોજન કર્યું.

• ૧૫-૨-૨૦૧૭, મુંબઈ : વિદિશાથી આજરોજ પૂજ્ય સ્વામીજીનું આગમન મુંબઈ ખાતે થયું. અહીં પૂજ્ય સ્વામીજીનું રોકાણ ગોરક્ષધામ- બોરીવલી ખાતે થયું. ચાર દિવસના રોકાણ દરમિયાન પૂજ્ય સ્વામીજીનો સત્સંગ ગોરક્ષધામના નૂતન નિર્વાચિત મહંતશ્રી હરિનાથજીની ચાદરવિધિ પ્રસંગે થયો. આ પ્રસંગની અધ્યક્ષતા સુપ્રસિદ્ધ સાંસદ શ્રી આદિત્યનાથજી મહારાજે કરી. તદુપરાંત 'આધાર' નામના વૃદ્ધાશ્રમ તથા મુંબઈના શિવાનંદ મિશનના ટ્રસ્ટી શ્રી હેમંત સંઘવી પરિવાર, શ્રી પરમાનંદ ભંડારના ટ્રસ્ટી શ્રી શ્યામલાલ ભજનલાલજી, મલાડ દિવ્ય જીવનના અધ્યક્ષશ્રી ડૉ. અનિલ સૂચકને ત્યાં આયુષ્ય હોમ (તેમના લિવર ટ્રાન્સ પ્લાન્ટનાં દસ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે) અને યોગાચાર્ય શ્રી અનિલ મહેતાને ત્યાં પણ સત્સંગ થયા. સુપ્રસિદ્ધ સીનેગાયક શ્રી મુકેશના પૌત્ર શ્રી નીલ નીતિન મુકેશના સન્માન સમારંભમાં પણ પૂજ્ય સ્વામીજી પધાર્યા.

• ૨૧-૨-૨૦૧૭, રાજકોટ : શ્રી શિવાનંદ મિશનના પ્રમુખ- મેનેજિંગ ટ્રસ્ટી અને દિવ્ય જીવન સંઘ, રાજકોટના પ્રમુખશ્રી પૂજ્ય પ્રાણલાલભાઈ મહેતાના ચિંતાસ્પદ સ્વાસ્થ્યના સમાચાર જાણી પૂજ્ય સ્વામીજીએ રાજકોટની ત્વરિત યાત્રા કરી. 'ઉપાસનાધામ' ખાતે સત્સંગ કરી મોડી રાતે સ્વામીજી અમદાવાદ પધાર્યા.

• ૨૨-૨-૨૦૧૭, અમદાવાદ : અમદાવાદના સુપ્રસિદ્ધ ગ્રો-અપ એજ્યુકેશન સોસાયટી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત એબિલિટી એવોર્ડ્સ સમારંભના મુખ્ય અતિથિ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી રહ્યા. આ કાર્યક્રમમાં દિવ્યાંગ બાળકો દ્વારા સંગીત- નૃત્ય વગેરે પ્રસ્તુત કરવામાં આવ્યાં. આ ક્ષેત્રે કાર્ય કરનારી સંસ્થાઓ અને વ્યક્તિગત પ્રયત્નશીલ લોકોનું સન્માન પૂજ્ય સ્વામીજીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

• ૨૪-૨-૨૦૧૭, અમદાવાદ : શિવાનંદ આશ્રમમાં શિવરાત્રીનું પર્વ ખૂબ જ ભક્તિભાવ અને ધામધૂમથી ઊજવવામાં આવ્યું. બ્રહ્મમુહૂર્તે ૩.૪૫ કલાકે પૂજ્ય સ્વામીજીએ લોકકલ્યાણ અર્થે ભગવાન વિશ્વનાથનો અભિષેક કર્યો. આખોય દિવસ અને છેક ૨૫-૨ ની સવારના ૪.૦૦ વાગ્યા સુધી આશરે ૩૦,૦૦૦ ભક્તોએ શિવ આરાધના- દર્શનનો લાભ લીધો. ૨૫-૨ ના મધ્યાહ્ને મહાપ્રસાદનું આયોજન થયું. સાંજે ૫.૩૦ થી સવારના ચાર વાગ્યા સુધી ડૉ. જયંત વસાવડા, ડૉ. મોનિકાબહેન શાહ, પંડિતશ્રી નીરજચંદ્ર પરીખ પરિવાર અને અન્ય ભક્તો દ્વારા ભક્તિ સંગીત ભગવાન શ્રી વિશ્વનાથ મહાદેવના સાંનિધ્યમાં થયું. પ્રહર પૂજાઓ, લઘુરુદ્ર અને સામૂહિક પૂજાઓ પ્રસંગે દિવ્ય મંત્રોચ્ચારથી આશ્રમ પ્રાંગણ મુખરિત થયું.

• શ્રી એકલિંગજી ફાઉન્ડેશન દ્વારા આયોજિત સામુહિક રુદ્રાભિષેક અને લઘુરુદ્ર કાર્યક્રમમાં પૂજ્ય સ્વામીજી અતિથિ વિશેષ રહ્યા. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી રક્તદાન શિબિરનું આયોજન પણ થયું.

• શિવરાત્રીના પવિત્ર દિવસે સમગ્ર ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે સેવાનિરત સુભગજનો અને સંસ્થાઓનું 'ધરતી રત્ન' એવોર્ડથી સન્માન શ્રી વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સભાગૃહમાં કરવામાં આવ્યું. સમારંભ પૂજ્ય સ્વામીજીની અધ્યક્ષતામાં થયો, જેમાં અતિથિવિશેષ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી ઉપસ્થિત રહ્યા.

• ૨૬-૨-૨૦૧૭, છારોડી (અમદાવાદ) : છારોડી (અમદાવાદ) સ્થિત શ્રી લકુલીશ યોગ યુનિવર્સિટી દ્વારા આયોજિત ત્રિદિવસીય 'યોગ ઉત્સવ'ના અંતિમ ચરણમાં 'માનસિક વ્યથા- વિટંબણા અને યોગ' વિષયક ખૂબ જ પ્રેરક ઉદ્બોધન પૂજ્ય સ્વામીજીએ સવારના સત્રમાં કર્યું.

• સાંજે ઉવારસદ ખાતે આયોજિત સોમ મહાયાગ ખાતે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીનું પ્રેરક પ્રવચન થયું.



સુંદરતાનું
સુવર્ણ
સ્પંદન
BIS Hallmarked Jewellery
SUVARNAKALA®
Gold, Diamond & Jadtar Jewellery
BIS Approved Jeweller
અમદાવાદ
સી.જી. રોડ
"નેશનલ પ્લાઝા",
લાલ બંગલાની સામે,
સી.જી રોડ, અમદાવાદ - 6
સેટેલાઇટ
"વીનસ એમેડીયસ",
જોધપુર ચાર રસ્તા BRTS બસ સ્ટેન્ડ સામે,
સેટેલાઇટ, અમદાવાદ - 15
SUNDAY CLOSED

ISO 22000
ફૂડ સેફ્ટી
પ્રમાણિત કંપની

# સ્વાદ અને ગુણવત્તાની પરંપરા




શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.

ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

**રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.**

સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com

Identity



કુષ્ઠ આશ્રમ, રાજેન્દ્રનગર ચોકડી (સાબરકાંઠા)
વિશ્વરક્તપિત્ત દિવસ (૩૦-૧-૨૦૧૭)



વિશ્વવિચાર દિવસ નિમિત્તે દિવ્યાંગોનું સન્માન,
અમદાવાદ (૨૩-૨-૨૦૧૭)



94.3 MY FM રેડિયો દ્વારા ડિઝાઈનિંગ અને
પ્રિન્ટિંગ માટે પ્રિન્ટ વિઝનના ડાયરેક્ટર શ્રી યજ્ઞેશ પંડ્યાને
એક્સલન્સ એવોર્ડ ( તા. ૧૮-૨-૨૦૧૭)



શિવરાત્રી નિમિત્તે શિવાનંદ આશ્રમ, અમદાવાદમાં સમૂહ પૂજન
(તા. ૨૪-૨-૨૦૧૭)




લેકાવાડા (ગાંધીનગર) ખાતે શ્રી જક્ષણી માતાજીનાં નવનિર્મિત
મંદિર પ્રતિષ્ઠા પ્રસંગે મુખ્ય દાતા શ્રી શ્રેયસભાઈ પંડ્યાનું
ગ્રામજનો તરફથી ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી
શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ્‌હસ્તે સન્માન
(૨૯-૧-૨૦૧૭)




પૂજ્ય સ્વામીજીનું અભિવાદન
શ્રી શ્રેયસભાઈ પંડ્યા દ્વારા
(૨૯-૧-૨૦૧૭)


Printed and Published by ARUN DEVENDRA OZA on behalf of GUJARAT DIVYA JIVAN SANGH and Printed at Print Vision Private Limited, "Print Vision House", Opp. Old Central Bank of India, Ambawadi, Ahmedabad-380 006 and published from Gujarat Divya Jivan Sangh, Sivananda Ashram, Jodhpur Tekri, Sivananda Marg, Satellite, Ahmedabad-380 015. Editor- SWAMI ADHYATMANANDAJI





પૂજ્ય સાહેબદાદા, પૂજ્ય સ્વામીજી અને શ્રી ઉપેન્દ્રભાઈ પંડ્યા (કથાકાર) અનુપમ મિશન મંદિર મહોત્સવ (૧-૨-૨૦૧૭)






શ્રી એકલિંગજી મહાદેવ ફાઉન્ડેશન ટ્રસ્ટ આયોજિત સામુહિક લઘુરુદ્રમાં
પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી અને સ્વામી મહંત (સ્વામિનારાયણ મંદિર, હાથીજણ) તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યા






આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા 'ધરતી રત્ન' એવોર્ડ સમારંભ દિપ પ્રજ્વલન અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી
શ્રી વિજય રૂપાણી સાથે હળવી પળોમાં (૨૪-૨-૨૦૧૭ - શિવરાત્રી)

## ધર્મ

ઈશ્વરના મહાન પયગંબરોની દિવ્ય વાણીના કેટલાક નમૂના તપાસીએ. એવો એક પણ ધર્મ છે કે જે આપણને કહે કે, 'જૂઠું બોલો, અપ્રમાણિક થાવ; લોકોને ધિક્કારો; ક્રોધ કરો; વેર કરો; અશુદ્ધ થાવ; અનૈતિક બનો ? આનો ભારપૂર્વક એક જવાબ હોઈ શકે કે - 'ના; દરેક ધર્મ સત્ય, અણિશુદ્ધ પવિત્રતા, દયા, પ્રેમ, ભક્તિ, નમ્રતા, સમર્પણ અને વિચાર, વાણી અને વર્તનમાં ભલમનસાઈ જેવા ઉન્નત અને ઉદાત્ત ગુણો પર ભાર મૂકે છે અને જીવન જીવવાનો આદર્શ આપે છે.

**- સ્વામી ચિદાનંદ**

Print Vision